RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 138* Date: 16.03.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## બેંકોના ખાનગીકરણના વિરોધમાં બેંક કર્મચારીઓની હડતાલમાં ગુજરાતના કર્મચારીઓ પણ જોડાયા

# ગુજરાત સહિત દેશભરમાં બેંક કર્મચારીઓની હડતાળ



ગાંધીનગર, તા.૧૫

બેંકોના ખાનગીકરણના વિરોધમાં બેંક કર્મચારીઓની હડતાલમાં ગુજરાતના કર્મચારીઓ પણ જોડાયા હતા. સરકારના પાંચ દાયકા પહેલાંની બેંક વ્યવસ્થા સ્થાપિત કરવા સામે કર્મચારીઓ બે દિવસીય હડતાલ પર ઉતર્યા છે. કુલ ૯ બેક્નના યુનિયનના કેન્દ્રીય સંગઠનએ આ બંધની જાહેરાત કરી છે. બેક્ન કર્મચારીઓ સતત સરકારને અપીલ કરી રહ્યા છે કે કોઈ પણ સરકારી બેક્ન પ્રાઈવેટના હાથમાં ન સોંપવામાં આવે કારણ કે તેનાથી કર્મચારીઓની નોકરી જોખમાશે.

બે દિવસ સરકારી બેંકમાં કામ નહીં થાય. શનિવાર અને રવિવારની રજા બાદ લોકો આજે વાટ જોઈ રહ્યા હતા. પરંતુ હડતાળના કારણે હવે બે દિવસ કામ થઈ શકશે નહીં. સરકારી બેક્ન સંબંધિત કામ બુધવારથી શરૂ થશે. તેનો અર્થ એ થશે કે લોકોએ હજુ બે દિવસ રાહ જોવી પડશે. જો સરકાર કર્મચારીઓની માગમી માની લે તો હડતાળ પાછી પણ ખેંચાઈ શકે છે. ત્યારે હડતાળની અસર ગુજરાતની બેંકો પર પડી છે. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા સહિત રાજ્યભરમાં બેંકોની હડતાલના લીધે કરોડો રૂપિયાના ટ્રાંજેક્શન ખોરવાય ગયા છે. વલસાડ જિલ્લામાં આવેલી રાષ્ટ્રીય કૃત બેંકોના ૨૦ હજારથી વધુ કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે. બેક્ન કર્મચારીઓ ૧૫ અને ૧૬ માર્ચ સુધી હડતાલ પર રહેશે. તેનાથી બેક્ન શાખાઓમાં જમા, વિડ્રો સહિત ચેક ક્લિયરન્સ અને લોન અપ્રુવલ સર્વિસ પ્રભાવિત થશે. એટીએમ સેવા ચાલુ રહેશે. આ બેક્ન હડતાલ યુનાઈટેડ ફોરમ ઓફ બેક્ન યુનિયન્સ દ્વારા આપવામાં આવી છે.

તો આ તરફ બેંક કર્મચારીઓની હડતાલમાં રાજકોટના કર્મચારીઓ પણ જોડાયા હતા.રાજકોટના આશરે ત્રણ હજાર જેટલા કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતા .કર્મચારીઓએ પરા બજાર ખાતે બેનરો સાથે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. બેંક કર્મચારીઓનું કહેવું છે કે ખાનગીકરણને કારણે ગ્રાહકોની થાપણો અસુરક્ષિત થઈ શકે છે. બે દિવસ રજા અને બે દિવસ હડતાલને કારણે અંદાજિત ૨૦૦ કરોડનું ટર્ન ઓવર અટકી પડશે. ત્યારે આજે જામનગર માં ૧૨૦ જેટલી રાષ્ટ્રીયકૃત બેંકોની શાખા દ્વારા ૩૫૦૦ કર્મચારીઓ હડતાલમાં જોડાયા છે, દરરોજનું ૧૦ હજાર કરોડથી પણ વધુનું કિલિયરીંગ થઈ રહ્યું છે, ખાસ કરીને રાષ્ટ્રીયકૃત બેંકોના ખાનગીકરણના મુદ્દાઓને લઈને કર્મચારીઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહી છે. ત્યારે આજે જામનગર શહેરમાં દિપક ટોકીઝ પાસે આવેલી યુકો બેક્ન ખાતે ગુજરાત બેંક વર્કર્સ યુનિયનના કર્મચારીઓ દ્વારા હડતાલ મામલે આજે સૂત્રોચ્ચાર સાથે શાંતિપૂર્ણ માહોલમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

## ઉત્તરાખંડ: સીએમ તીરથ સિંહ રાવતે વડાપ્રધાન મોદીની તુલના ભગવાન રામ અને કૃષ્ણ સાથે કરી

ઋષિકેશ,તા.૧૫

ઉત્તરાખંડના નવા મુખ્ય પ્રધાન તિરથ સિંહ રાવતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તુલના ભગવાન રામ સાથે કરી છે. તેઓએ ઋષિકેશમાં સરકારી પીજી આયુર્વેદિક કોલેજના સભાગૃહમાં સામાજિક સંસ્થા દ્વારા આયોજિત કાર્યક્રમ 'નેત્ર કુંભ' માં ભાગ લીધો હતો. ત્યાં તેમને આ મોટું નિવેદન આપ્યું હતું.

રાવતે કહ્યું, ×આજે વિવિધ દેશોના નેતાઓ વડા પ્રધાન સાથે ફોટો ક્લિક કરવા લાઈનમાં ઉભા રહે છે. આ પહેલાના સમયથી વિરુદ્ધ થઇ રહ્યું છે, જ્યારે કોઈ વિશ્વ નેતાને આપણા દેશના વડા પ્રધાનથી કોઈ ફરક નહોતો પડતો. નરેન્દ્ર મોદીના કારણે હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. આ એક નવું ભારત છે જે તેમણે બનાવ્યું છે.×

'મોદી ઝિંદાબાદ'ના નારા વચ્ચે સીએમ તીરથે કહ્યું, જેમ દ્વાપર યુગમાં ભગવાન શ્રી રામ અને ત્રેતા યુગમાં ભગવાન શ્રી કૃષ્ણએ તેમના કાર્યોથી સમાજમાં આદર મેળવ્યો અને ભગવાનનો દરજ્જો મેળવ્યો, તે જ રીતે ભવિષ્યમાં પીએમ મોદીની પણ પૂજા કરવામાં આવશે.

રાવતે કહ્યું, મેગા મહોત્સવમાં કોઈ પણ આરટી-પીસીઆર રિપોર્ટ અથવા યાત્રાળુઓની નોંધણીની જરૂર નહીં હોય. કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવશે. કુંભમેળાને લઈને નકારાત્મક વાતાવરણ હતું, અમે તેને સાફ કરી દીધું છે. લોકો ચિંતા વગર આવી શકે છે કોઈને અટકાવવામાં આવશે નહીં.

## ૨૦૨૨થી દેશભરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાગુ થશે

ન્યુ દિલ્હી,તા.૧૫

આગામી ૦૧ જાન્યુઆરી, ૨૦૨૨થી દેશભરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાગી જશે. એટલું જ નહીં, ૧૨૦ માઈક્રોન સુધીની જાડાઈવાળા પ્લાસ્ટિક બેગ અને ૨૪૦ માઈક્રોન સુધીની જાડાઈવાળા નોનવોવન બેગનો ઉપયોગ પણ બંધ થઈ જશે. પ્લાસ્ટિકના કચરાના દુષ્પ્રભાવને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે આ અંગેના નોટિફિકેશનનો ડ્રાફ્ટ તૈયાર કરી લીધો છે.

આ ડ્રાફ્ટ અંગે લોકોની મુશ્કેલીઓ અને સૂચનો જાણવા માટે ગુરૂવારથી ૬૦ દિવસ માટે તેને પબ્લિક ડોમેનમાં લાવવામાં આવ્યો છે. ત્યાર બાદ તેનું ગેઝેટ નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગત ફેબ્રુઆરી મહિનામાં વડાપ્રધાન કાર્યાલયે પ્લાસ્ટિકના ઉપયોગને સીમિત કરવાને અનુલક્ષીને બેઠક રાખી હતી. તે બેઠકમાં માઈક્રો પ્લાસ્ટિક એટલે કે સિંગલ યુઝ પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓનો ઉપયોગ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. આ પહેલા ૫૦ માઈક્રોન સુધીની પ્લાસ્ટિક બેગ અને વસ્તુઓ પર પ્રતિબંધ મુકવાનો જ નિયમ હતો. દેશભરમાં સમાન રીતે લાગુ થનારા આ નવા નિયમો પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (સંશોધન) નિયમ, ૨૦૨૧ તરીકે ઓળખાશે. દિલ્હીમાં પર્યાવરણ વિભાગના વિશેષ સચિવ કે.એસ. જયચંદ્રને સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધને લઈ દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિ તથા દિલ્હી પાર્ક એન્ડ ગાર્ડન સોસાયટીના નામે આદેશ પણ જાહેર કરી દીધા છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી)ના સર્વે રિપોર્ટ પ્રમાણે દેશમાં વાર્ષિક ૧૬ લાખ ટન જેટલો પ્લાસ્ટિક વેસ્ટ ઉત્પન્ન થાય છે. જ્યારે દિલ્હીમાં તે આંકડો વાર્ષિક ૮૦૦ ટન જેટલો છે.

## માયાવતીનું એલાન: યુપી વિધાનસભાની આગામી ચૂંટણી બસપા એકલા હાથે લડશે અને જીતશે

લખનઉ,તા.૧૫

બહૂજન સમાજ પાર્ટીના સંસ્થાપક કાશીરામના જન્મ દિવસે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ માયાવતીએ મોટી જાહેરાત કરી છે. માયાવતીએ કહ્યું, ઉત્તરપ્રદેશમાં યોજાનારી વિધાનસભાની આગામી ચૂંટણીમાં બસપા એકલા હાથે ચૂંટણી લડશે અને જીતશે. માયવતીએ કહ્યું, બસપા જ એકમાત્ર પાર્ટી છે જે તેના ઉદ્દેશ્યોને લઈને આગળ ચાલી રહી છે.

તેમણે કહ્યું, બહૂજન સમાજનો ઉત્સાહ ઓછો નહી થાય, સત્તા કે વિપક્ષમાં બેસેલી જાતિવાદી પાર્ટીઓના સામ-દામ-દંડ-ભેદથી સાવધાન રહેવાનું છે. કાશીરામ બાદ બસપા જ એક માત્ર પાર્ટી છે જે તેના ઉદ્દેશ્યોને લઈને આગળ ચાલી રહી છે. કૃષિ કાનુનને લઈને અમે ફરીથી અનુરોધ કરીએ છીએ કે તેને પરત ખેંચવામાં આવે. માયાવતીએ કહ્યું, અમે આ મુદ્દે ખેડુતોની સાથે છીએ. જે ખેડુતોનું મોત થયું છે તેમને ઉચિત મદદ મળવી જોઈએ. તમામ નાના-મોટા કાર્યકર્તાઓને કહેવાનું કે આપણા તમામ નાના-મોટા કાર્યકર્તા પંચાયત ચૂંટણી પોતાની સંપૂર્ણ તાકતથી લડો. ઉત્તરપ્રદેશ સરકાર જાતિની દુર્ભાવનાથી બુલડોઝરનો ઉપયોગ કરે છે.

માયાવતીએ કહ્યું, જ્યારે આપણે ગઠબંધન કરીએ છીએ તો આપણને નુંકસાન પહોંચે છે. આપણો મત ટ્રાંન્સફર થાય છે પરંતુ બીજી પાર્ટીના મત આપણને નથી મળતા તેથી ઉત્તરપ્રદેશની તમામ ૪૦૩ સીટો પર બીએસપી એકલા હાથે ચૂંટણી લડશે.

તેમણે કાશીરામને યાદ કરતા કહ્યું કે, કાશીરામના પ્રયાસોથી બાબા સાહેબનું મિશન આગળ વધ્યું, કાશીરામ પોતાના જીવનકાળમાં હંમેશા સંઘર્ષ કરતા રહ્યાં, ઉપેક્ષિત વર્ગના લોકોને આગળ વધારવાનું કામ કાશીરામે કર્યું. જ્યાં સુધી કેન્દ્ર અને રાજ્યમાં જાતિવાદી અને મુડીવાદી સરકાર રહેશે ત્યાં સુધી નાના લોકોનું જીવન નહી સુધરશે.

## દેશમાં કોરોનાના રેકોર્ડ ૨૪ કલાકમાં નવા ૨૬,૨૯૧ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,તા.૧૫

દેશમાં કોરોના પોઝિટિવ કેસોનો આંકડો સતત વધી રહ્યો છે. આજે દેશમાં એક દિવસમાં રેકોર્ડ પોઝિટિવ કેસ નોંધાયા છે. આજે દેશમાં એક દિવસમાં રેકોર્ડ કેસ નોંધાયા છે. દેશમાં ગત ૨૪ કલાકમાં ૨૬,૨૯૧ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે આ મહામારીના કારણે ૧૧૮ લોકોના મોત થયા છે. ગઈકારે ૨૫,૩૨૦ પોઝિટિવ કેસ નોંધાયા હતા. દેશમાં અત્યાર સુધીમાં ૨ કરોડ ૯૯ લાખથી વધારે લોકોને વેક્સિન આપવામાં આવી ચુકી છે.



આરોગ્ય મંત્રાલયના આંકડાઓ પ્રમાણે, આજે દેશમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા ૧,૧૩,૮૫,૩૩૯ પહોંચી ગઈ છે, તેમાંથી ૧,૫૮,૭૨૫ લોકોના મોત થયાં છે. દેશમાં એક્ટિવ કેસોની કુલ સંખ્યા વધીને ૨,૧૯,૨૬૨ થઈ છે જ્યારે કુલ સ્વસ્થ થાનારા દર્દીઓનો આંકડો ૧,૧૦,૦૭,૩૫૨ થયો છે. ગઈકાલે ૧૭,૪૫૫ દર્દીઓ સ્વસ્થ થયાં, દેશમાં અત્યાર સુધીમાં કુલ ૨,૯૯,૦૮,૦૩૮ લોકો વેક્સિન લઈ ચુક્યાં છે.

અઈસીએમઆરના જણાવ્યું અનુસાર, દેશમાં કાલ સુધીમાં કોરોના માટે કુલ ૨૨,૭૪,૦૭,૪૧૩ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવી ચુક્યાં છે. જેમાંથી ૦૭,૦૩,૭૭૨ સેમ્પલ ગઈકાલે ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

દેશમાં મહારાષ્ટ્ર સૌથી વધારે કોરોના પ્રભાવિત રાજ્ય બન્યું છે પરંતુ તેની સાથે-સાથે હવે મધ્યપ્રદેશમાં પણ કોરોનાના કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. એ સિવાય દેશમાં ગુજરાત, પંજાબ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાનમાં પણ કેસો વધી રહ્યાં છે. તેને જોતા કેન્દ્ર સરકારે એ રાજયોમાં પણ સતર્કતા રાખવા જણાવ્યું છે જ્યાં સ્થિતિ કંટ્રોલમાં છે. નીતી આયોગના સભ્ય વીકે પોલે પણ આ અઠવાડિયે કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં સ્થિતિ ચિંતાજનક છે કારણ કે ત્યાં અનેક શહેરોમાં સખ્ત લોકડાઉન લાગૂ કરવું પડી રહ્યું છે.

## ૨૦૨૧-૨૨માં બેંક ધિરાણમાં પાંચ ટકા વૃદ્ધિની શક્યતા

ન્યુ દિલ્હી,તા.૧૫

ચાલુ નાણાકીય વર્ષમાં સરકારી પ્રયાસો અને નિયમનકારીના પગલાઓના લીધે દેશની ઈકોનોમી અપેક્ષા કરતાં વધુ ઝડપે રિકવર થઈ છે. આગામી નાણાકીય વર્ષમાં બેક્નોની ક્રેડિટ ૪૦૦થી ૫૦૦ બેસીસ પોઈન્ટ વધીને નવથી દસ ટકા થવાનો આશાવાદ ક્રિસિલે વ્યક્ત થયો છે. ૩૧ માર્ચના રોજ પૂર્ણ થતાં નાણાકીય વર્ષમાં બેક્ન ક્રેડિટ ૪-૫ ટકા વધવાની શક્યતા છે.

ક્રિસિલના રિપોર્ટ અનુસાર, ૨૦૨૧-૨૨માં જીડીપી ગ્રોથ ૧૧ ટકાના દરે વૃદ્ધિ કરવાની સંભાવના છે. ક્રિસિલના સિનિયર ડિરેક્ટર ક્રિષ્ના સિતારમણે જણાવ્યુ હતુ કે, આ નાણાકીય વર્ષના પ્રથમ છ માસમાં બેક્ન ક્રેડિટ ગ્રોથ ૦.૮ ટકા નેગેટીવ રહ્યો હતો. ત્રીજા ત્રિમાસિકમાં રિકવર થઈ વધી ત્રણ ટકા થયો હતો. ચોથા ત્રિમાસિકમાં ત્રણ ટકા વૃદ્ધિ જોવા મળી હતી. જૂન, ૨૦૨૦માં ક્રિસિલે બેક્ન ક્રેડિટ ગ્રોથ ૦-૧ ટકા રહેવાનો અંદાજ આપ્યો હતો. કોરોના બાદ આર્થિક મંદીમાંથી બહાર આવવા સરકારે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરેંટી સ્કીમ અંતર્ગત ત્રણ લાખ કરોડની ફાળવણી સહિત અનેક સકારાત્મક પગલાંઓ લીધા હતા.

આ પગલાંનો લાભ બેક્ન ક્રેડિટ, અને અર્થતંત્રને મળ્યો. રિટેલ ધિરાણ આ વર્ષે ૯થી ૧૦ ટકા ઘટવાની સંભાવના છે. એમએસએમઈનો ક્રેડિટ ગ્રોથ આ વર્ષે ૧૦ ટકા અને આગામી વર્ષે આઠ થી નવ ટકા રહેશે. પ્રથમ નવ માસમાં નેટ ક્રેડિટ વધી ૨.૩ લાખ કરોડના સ્તરે રહી છે.ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ માસમાં ઈસીએલજીએસ હેઠળ રૂ ૧.૬ લાખ કરોડની ફાળવણી સાથે બેક્નોની નેટ ક્રેડિટ વધી રૂ. ૨.૩ કરોડ થઈ છે. બેક્નોએ ક્રેડિટ વિકલ્પ તરીકે લોંગ ટર્મ રેપો ઓપરેશન અને પાર્શિયલ ક્રેડિટ ગેરેંટી સ્કીમના લક્ષ્યાંકરૂપે રૂ.૧.૪ લાખ કરોડ જમા કર્યા હતા.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૮૯૦
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૨૭૭૦૯૭
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૦૧
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૫૯૪
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૨૭૦૦૫૫

## દેશભરમાં ડ્રોન ઉડાડવા લાઈસન્સ અને તાલીમ ફરજીયાત

જયપુર,તા.૧૫

દેશભરમાં ૨૫૦ ગ્રામથી વધારે વજનના ડ્રોન ઉડાડવા માટે લાઈસન્સ અને તાલીમ ફરજીયાત કરવામાં આવ્યા છે. તાલીમ અને લાઈસન્સ વગર ડ્રોન ઉડાડવાના સંજોગોમાં રૂપિયા ૨૫ હજાર સુધીનો દંડ થઈ શકે છે. રિમોટ પાયલટ લાઈસન્સ માટે લઘુત્તમ ૧૮ વર્ષની ઉંમર, ધોરણ દસ સુધીનો અભ્યાસ, તબીબી રીતે ફીટ હોવા ઉપરાંત સરકારી પરીક્ષા પણ પાસ કરવી જરૂરી બનશે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ડ્રોન તૈયાર કરવા, વેચાણ-ખરીદી, ઓપરેશનને લગતા નિયમોને લગતા નિયમો જાહેર કર્યા છે. આ નિયમોને માનવરહિત વિમાન પ્રણાલી નિયમ,૨૦૨૧ નામ આપવામાં આવ્યું છે. આ નિયમો અંતર્ગત હવે ડ્રોન્સ નિર્માણ, ઓપરેશન, આયાત, નિકાસ, ટ્રાન્સફર અને કારોબાર માટે સરકાર પાસેથી અગાઉથી મંજૂરી મેળવવી ફરજિયાત રહેશે.

ડ્રોન્સને નિયંત્રિત કરવા અને મોનિટરિંગની જવાબદારી ઢ્ઢઝ્રછની રહેશે. વજનની દ્રષ્ટિએ ડ્રોનને નેનો, માઈક્રો, સ્મોલ, મીડિયમ તથા લાર્જ શ્રેણીમાં વિભાજીત કરવામાં આવ્યા છે. નેનો ડ્રોન ઉપરાંત તમામ ડ્રોન્સને ઓપરેટ કરવા માટે મંજૂરી, લાઈસન્સ અને વીમો લેવો જરૂરી બનાવવામાં આવ્યો છે. દેશમાં અગાઉથી રહેલા તમામ ડ્રોન્સને હવે ઉડાડતા પહેલા નવા



માપદંડોનું પાલન કરવાનું રહેશે. દુર્ઘટનાના સંજોગોમાં મોટર વ્હિકલ અધિનિયમના આધારે નુકસાનની ચુકવણી કરવાના પણ નવા નિયમોમાં જોગવાઈ કરવામાં આવી છે.

નવા નિયમોમાં લાઈસન્સ વગર ડ્રોન ઉડાડવા, હથિયારો અને જોખમી સામગ્રીઓ લઈ જવા, પ્રતિબંધિત વિસ્તારોમાં ઉડાડવા અને ફોટોગ્રાફીને દંડનીય ગુનો બનાવવામાં આવ્યો છે. એરપોર્ટ્સ, સૈન્ય સંસ્થાઓની નજીક તથા આંતરરાષ્ટ્રીય સીમાઓમાં ૨૫ કિલોમીટર સુધી ડ્રોન ઉડાડવાને પ્રતિબંધિત કરવામાં આવ્યું છે. રાજ્યોના સચિવાલયો, વિધાનસભા તથા સંરક્ષણ સંસ્થાઓની નજીક પણ ડ્રોન ઉડાડવાની પરવાનગી નહીં હોય.

એરક્રાફ્ટની માફક જ હવે ડ્રોનની દરેક ફ્લાઈટ માટે મંજૂરી મેળવવી જરૂરી છે. આ માટે ઢ્ઢઝ્રછને ઓનલાઈન અરજી કરવાની રહેશે. નેનો ઉપરાંત દરેક ડ્રોનની ફ્લાઈટ માટે ઓનલાઈન પરવાનગી મેળવવી પડસે. નેનો ડ્રોન ઉપરાંત બંધ સંકુલોમાં કોઈ પણ વ્યક્તિ ડ્રોન ઉડાડી શકશે નહીં. માનવ રહિત વિમાનોના રિસર્ચ સાથે જોડાયેલી સંસ્થાઓએ પણ મંજૂરી મેળવવી પડશે.

## તંત્રી સ્થાનેથી...

# ગુજરાતમાં ભાજપની સત્તાના ૨૫ વર્ષ પાર્લામેન્ટથી પંચાયત સુધી ભગવો

**દેશભરમાં હિન્દુત્વની પ્રયોગશાળા અને ભાજપના એક મોડલ સ્ટેટ તરીકે ગુજરાતની ગણના થઈ રહી છે. ૧૪ માર્ચના રોજ ભાજપે ગુજરાતમાં સત્તાના ૨૫ વર્ષ પૂરા કર્યા છે. ૨૫ વર્ષ પહેલા એટલે કે ૧૪ માર્ચ ૧૯૯૫ના રોજ ગુજરાતમાં પહેલીવાર કેસરિયો લહેરાયો હતો અને ભાજપે સત્તા સંભાળી હતી. ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી ધ્વંસ બાદ ગુજરાતમાં હિન્દુત્વનું વાવાઝોડું ફરી વળ્યું અને ૧૯૯૫માં ૧૨૧ બેઠકની જંગી બહુમતી સાથે ભાજપે સત્તા હાંસલ કરી. જો કે ગુજરાતમાં આ ભાજપનો સત્તા પક્ષ તરીકે જન્મ હતો. જેથી શરૂઆતના ૬ વર્ષની સ્થિતિ લડખડાતા અને નવજાત બાળક જેવા રહ્યા હતા. જેમ જેમ કોઈ બાળક મોટું થતું જાય અને રમતિયાળ બનતું જાય એ રીતે જ ૬ મહિનામાં જ મુખ્યમંત્રી બદલવાની નોબત આવી. ત્યાર બાદ ઓક્ટોબર ૧૯૯૫માં કેશુભાઈ સરકારમાં બળવો થયો. તે સમયે વાજપેયીએ મધ્યસ્થી કરીને બળવો ખાળવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે વાજપેયીએ સમાધાનના ભાગરૂપે સુરેશ મહેતાને મુખ્યમંત્રી બનાવ્યા હતા. આમ ૬ મહિનામાં જ ભાજપના બીજા મુખ્યમંત્રીએ સત્તા સંભાળવી પડી. જો કે બાળ ભાજપના તોફાનો અહીંથી અટક્યા નહીં, અને જેમ બાળક જેમ મોટું થતું જાય તેમ વધુ તોફાની બને એ રીતે જ એ સમય પણ આવ્યો જ્યારે આ બાળકે તોફાનથી ઘર માથે લે એ રીતે જ ગુજરાત માથે લીધું.**

**આ સમયે શંકરસિંહ વાઘેલાએ ભાજપમાં બળવો કર્યો અને ૪૭ ધારાસભ્યો સાથે ૧૯૯૬-૯૭ સુધી એક વર્ષ માટે કોંગ્રેસના ટેકાથી તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. જો કે આ સરકાર વધારે ન ચાલી અને દિલીપ પરીખને મુખ્યમંત્રીનું પદ મળ્યું. ત્યાર પછી વાઘેલાએ પોતાના પક્ષને કોંગ્રેસમાં ભેળવી દીધો.**

**ત્યાર બાદ ૧૯૯૮માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી થઈ અને ૧૧૭ બેઠક સાથે ભારતીય જનતા પાર્ટીએ શાનદાર જીત મેળવી. આ વખતે પણ કેશુભાઈના નેતૃત્વમાં સરકાર બની. જો કે ૨૦૦૧ આવતા આવતા કચ્છમાં ભૂકંપ આવ્યો અને ત્યાર બાદ થયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપનો પરાજય થયો. આ સાથે જ કેશુભાઈ સામે અસંતોષનો સુર શરૂ થયો અને કેશુભાઈને મુખ્યમંત્રી પદેથી હટાવવામાં આવ્યા. ત્યાર બાદ ૨૦૦૧, ઓક્ટોબરમાં નરેન્દ્ર મોદીને મુખ્યમંત્રી પદનો કાંટાળો તાજ પહેરાવવામાં આવ્યો. તેમની સામે કચ્છના ભૂકંપથી લઈ પક્ષની આંતરિક જૂથબંધી સહિતના અનેક પડકારો હતા. પરંતુ હવે આ બાળક થોડું સમજણું થયું હોય તેમ વર્તવા લાગ્યું. ૨૦૦૨માં વિધાનસભા ચૂંટણીમાં ભાજપનું હિન્દુત્વનું કાર્ડ ખૂબ ચાલ્યું અને જનતાએ ખોબલે ખોબલે મત આપી ભાજપને ૧૨૭ બેઠક સાથે ફરી ગુજરાતનું સુકાન સોંપ્યું અને મોદી મુખ્યમંત્રી બન્યા. ૨૦૦૨માં ૧૨૭ બેઠક સાથે મુખ્યમંત્રી પદના શપથ લઈ રહેલા નરેન્દ્ર મોદી અને સાથે તત્કાલીન રાજ્યપાલ સુંદરસિંહ ભંડારી ત્યાર બાદ ભાજપ નામનું બાળક મોટું થવા લાગ્યું અને ૨૦૦૭માં ટીનએજ પ્રવેશની તૈયારીઓ કરી લીધી. ૨૦૦૭ની વિધાનસભા ચૂંટણીમાં ૧૧૬ સીટ સાથે ફરી સત્તામાં આવ્યો. હવે ભાજપ ટીએનજમાં પ્રવેશી ચૂક્યો હતો અને સ્થિર થવા લાગ્યો. ત્યાર બાદ ૨૦૧૨માં એટલે કે સતત પમી વિધાનસભા ચૂંટણીમાં ૧૧૫ બેઠક સાથે સત્તા મેળવી અને નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બન્યા. માત્ર એટલું જ નહીં, આ સાથે જ તેમની પીએમ બનવાની ચર્ચાઓ શરૂ થઈ. ત્યાર બાદ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ થનગનતો યુવાન થઈ ગયો અને કેન્દ્રમાં સ્પષ્ટ બહુમતી સાથે સત્તામાં બેસી ગયો અને નરેન્દ્ર મોદી પીએમ બન્યા. મોદી વડાપ્રધાન બન્યા બાદ આનંદીબેન પટેલે મે, ૨૦૧૪માં મુખ્યમંત્રી પદ સંભાળ્યું.**

### લખનઉમાં હાઈવોલ્ટેજ ડ્રામા

# ભાજપ સાંસદ વહુએ હાથની નસ કાપી આત્મહત્યાનો પ્રયત્ન કર્યો

ન્યુ દિલ્હી,તા.૧૫

ભાજપના સાંસદ કૌશલ કિશોરની પુત્રવધૂ અંકિતાએ તેના ઘરની બહાર પોતાના હાથની નસ કાપીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં તેની સારવાર ચાલી રહી છે. આ પહેલા અંકિતાનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેણે આત્મહત્યા કરવાની વાત કહી હતી અને તેના પતિ આયુષ પર ગંભીર આરોપો લગાવ્યા હતા. પોલીસ કેસની તપાસ કરી રહી છે.

અંકિતાએ વીડિયોમાં કહ્યું હતું કે હું આત્મહત્યા કરવા જઈ રહી છું, ત્યારબાદ તે સ્કૂટીથી દુબગામાં સાંસદ કૌશલ કિશોરના ઘરે પહોંચી અને પોતાના હાથની નસ કાપી હતી. જો કે, વીડિયો પછી તેને ટ્રેક કરરહેલી પોલીસે તેને હોસ્પિટલમાં ખસેડી હતી, જ્યાં તેની સારવાર ચાલી રહી છે.

અંકિતાએ તેના વીડિયોમાં કહ્યું હતું કે, 'હું કોઈની સાથે લડી શકતી નથી કારણ કે તમારા પિતા સાંસદ અને માતા ધારાસભ્ય છે, કોઈ મારી વાત સાંભળશે નહીં, હું તમને કેવી રીતે મારી શકું, તમે કેટલું ખોટું બોલી રહ્યા છો, તમે અને તમારા પરિવારે મને જીવવા માટે છોડી નથી.'

અંકિતાએ વધુમાં કહ્યું, 'મકાનનું ભાડું આપ્યું નથી, ગેસ સિલિન્ડર ભરાવાયો નથી, એક વાર પણ વિચાર્યું નહીં કે હું શું ખાઈશ, જો તમે મારી પાસે નહીં આવો તો મારે રહેવું પણ નથી, હું જાઉં છું, હું જાઉં છું અને તમે મને યાદ કરશો અને વિચારશો કે મારા કરતા વધારે પ્રેમ કરનાર તમને કોઈ નહીં મળે. તમે અને તમારા ઘરવાળા પણ મારા મૃત્યુનું કારણ છો, હું જાઉં છું.'

આ પહેલા અંકિતાએ તેના પતિ આયુષ અને તેના પરિવારના સભ્યોની નાર્કો ટેસ્ટ કરાવવાની માંગ કરી હતી. સાથે જ અંકિતાએ પણ આ સમગ્ર મામલાની સીબીઆઈ તપાસની માંગ કરી હતી. આયુષ કિશોરની પત્ની અંકિતાએ કહ્યું હતું કે તેમને યુપીની પોલીસ પર વિશ્વાસ નથી રાખતી, આ કેસની તપાસ સીબીઆઈ દ્વારા થવી જોઈએ.

ભાજપના સાંસદ કૌશલ કિશોરના ફરાર પુત્ર આયુષે એક વીડિયો જાહેર કર્યો હતો અને તેની પત્ની પર ગંભીર આરોપો લગાવ્યા હતા. તેણે વીડિયોમાં તેણે વીડિયોમાં સ્પષ્ટતા જરતા કહ્યું હતું કે તેની પત્ની અંકિતા સિંહે ફસાવ્યો છે. તેણે કહ્યું કે તે શરણાગતિ લઈ જશે. તેણે કંઈપણ ખોટું કર્યું નથી. તેણે પોતાના પર ગોળી ચલાવી નથી. જો તે દિવસે તે ઘરમાં હોત તો તેની હત્યા કરવામાં આવી હોત.

આયુષે એક સપ્તાહ પહેલાં વીડિયો જાહેર કરીને કહ્યું કે, ૭ મહિના પહેલાં મારી અંકિતા સિંહ સાથે મુલાકાત થઈ હતી. ત્યારપછી તેના તરફથી મને લગ્નનું દબાણ કરવામાં આવતું હતું. હું તેના પ્રેમમાં પાગલ હતો. તેથી ઘરના લોકોની વિરુદ્ધ જઈને મેં તેની સાથે લગ્ન કર્યા. રેલવેના પાટા પર બેસાડીને અંકિતાએ મને વીડિયો કોલ કરાવ્યો અને મને કહ્યું કે, તમારા પિતાને કહો કે હું આત્મહત્યા કરવા જઉ છું. આ ડ્રામાથી મારા પિતાને ખૂબ આઘાત લાગ્યો હતો.

આયુષે કહ્યું કે, અંકિતાએ લગ્ન પછી ના કદી મંગળસુત્ર પહેર્યું છે, ના કદી સિંદુર લગાવ્યું છે. અને આજે તે પોતાને સાંસદની વહુ તરીકે પોતાને મીડિયા સામે રજૂ કરે છે. મીડિયા અંકિતાના ગામ બહરાઈચ જઈને તપાસ કરે કે એના કારનામા શું છે. તેણે અત્યાર સુધી ઘણી વખત લગ્ન કર્યા છે. તેણે પ્રદીપ કુમાર સિંહ નામના વ્યક્તિ સાથે પણ લગ્ન કર્યા છે અને હજી સુધી ડિવોર્સ લીધા નથી.

આયુષે કહ્યું કે, જ્યાં સુધી મારી પાસે પૈસા હતા ત્યાં સુધી મેં અંકિતા અને તેના ઘરના લોકો માટે ખર્ચ કર્યો. હવે મારી પાસે તેમની પાછળ ખર્ચ કરવા પૈસા નથી તો તેણે પોતાનું સ્વરૂપ બતાવી દીધું. સાંસદ કૌશલ કિશોરના જણાવ્યા પ્રમાણે આયુષે લવ મેરેજ કર્યા છે. તેના કારણે તે પરિવારથી અલગ ભિટૌલી નજીક રહેતો હતો.

મડિયાવ કોતવાલી શહેરમાં ૨ માર્ચની રાત્રે ૨.૧૦ વાગે ભાજપ સાંસદ કૌશલ કિશોરના દીકરા આયુષ પર ફાયરિંગ થયું હતું. ત્યારપછી આ મુદ્દે આયુષના સાળા આદર્શની પોલિસે કાવતરું ઘડવાના આરોપમાં દરપકડ કરી લીધી હતી. પોલીસ કમિશનર ડીકે ઠાકુરે દાવો કર્યો છેકે, આયુષે અમુક લોકોને ફસાવવા માટે સાળા પર પોતાની જાત પર ગોળી ચલાવડાવી હતી. આદર્શને પોલીસે જેલ મોકલી દીધો. આયુષ રવિવારે હજરતગંજ પોલીસ સામે રજૂ થયો હતો. આયુષની ધરપકડના ત્રણ દિવસ પહેલાંજ હાઈકોર્ટે લખનઉની બેન્ચ પર પ્રતિબંધ લગાવી દીધો હતો. હકીકતમાં આયુષના વિરોધમાં ૧૨૦ બી, ૪૦૨, ૫૦૫ આઈપીસી અંતર્ગત કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ દરેક કલમમાં સજાની જોગવાઈ ૭ વર્ષથી વધારે નથી. આ સંજોગોમાં સીઆરપીસીમાં જોગવાઈ છે કે, આવા કેસમાં આરોપીને રાહત આપવામાં આવે છે અને તેની ધરપકડ પહેલાં તેને નોટિસ આપવામાં આવે છે. જો આરોપી ફરાર થવાની શંકા હોય તો મેજિસ્ટ્રેટને જાણ કરીને ધરપકડ કરવામાં આવે છે.

# રાજકોટનું સર્વાંગી વિકાસલક્ષી કરબોજ વિનાનું ૨૨૭૫ કરોડનું બજેટ

*રાજકોટ,તા.૧૫*

મનપાનું વર્ષ ૨૦૨૧-૨૨નું કરબોજ વગરનું ૨૨૭૫ કરોડનું બજેટ મ્યુ. કમિશ્નર ઉદીત અગ્રવાલે આજે સવારે ૧૦:૩૦ વાગ્યે સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન પુષ્કર પટેલને સુપ્રત કર્યું હતુ. ૨૦૨૦-૨૧માં કોરોના કાળવાળા વર્ષને કારણે ગત વર્ષના બજેટમાં આવકના અંદાજો પૂર્ણ થઈ શકયા નહિં તેના કારણે બજેટમાં ૬૦૦ કરોડની ખાધ આવી છે . નવા ભેળવાયેલ મુંજકા, ઘંટેશ્વર, મોટા મૌવા, માધાપર સહિતનાં પાંચ ગામમાં રસ્તા, ડ્રેનેજ, પાણી સહિતની સુવિધા માટે ૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મ્યુ. કમિશ્નર શ્રી અગ્રવાલે બજેટની વિસ્તૃત વિગતો પત્રકાર પરિષદમાં રજૂ કરતા જણાવ્યુ હતુ કે, રાજકોટ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામ મેળવી રહ્યું છે ત્યારે શહેરમાં મેટ્રો સીટી જેવી સુવિધા આપવી એ તંત્ર માટે પડકાર છે ત્યારે મ.ન.પા. આ પડકારને પહોંચી વળશે તેવી આશાસાથે વર્ષ ૨૦૨૧-૨૨નું આ બજેટ રજુ કર્યું છે.

બજેટમાં નવી ટી.પી. સ્કીમોનું ડેવલપમેન્ટ, માપણી તેમજ કાલાવડ રોડ, (ગૌરવ પથ), અમીન માર્ગ અને ત્રિકોણબાગથી માલવિયા ચોક સુધીનો રોડ વગેરે રસ્તાઓ લાઈન ઓફ પબ્લીક સ્ટ્રીટ હેઠળ પહોંળા કરવા.

ઉપરાંત પ્રદ્યુમન પાર્ક ઝુમાં નવા પ્રાણીઓ તેમજ શહેરમાં મેટ્રોરેલની શક્યતાના અભ્યાસ માટે રૂા. ૧૦ લાખની જોગવાઈ વગેરે બાબતોનો સમાવેશ કર્યો છે ત્યારે આશા છે કે સ્ટેન્ડીંગ કમિટિ આ બજેટ મંજુર કરશે તેવી આશા છે. આ વર્ષે વેરા વસુલાતનો ટાર્ગેટ ૩૪૦ કરોડ જેટલો રખાયો છે જે ગત વર્ષ કરતા વૈં ગણો છે તે અત્રે નોંધનિય છે.

આ વર્ષે બજેટમાં પાણીવેરામાં કોઈ રાહત આપવામાં આવી નથી. તેમજ નવા વિસ્તારોમાં મિલકત વેરો વધારવામાં આવ્યો છે. આ વર્ષના બજેટમાં શહેરમાં વર્ટીકલ ગાર્ડન બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે. શહેરમાં નવા ભળેલા ૫ ગામોમાં ૭૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

નવા ભળેલા ગામો જેમાં મોટામવા, મુંજકા, માધાપર, મનહરપરા, ઘંટેશ્વરના વિસ્તારોમાં વેરાની આકારણી શરૂ થઈ છે. ફાયર બ્રિગેડ, ડ્રેનેજ, કન્ઝરવન્સી ટેક્સ યથાવત રાખવામાં આવ્યો છે. ચાલુ વર્ષે પાણી વેરો યથાવત રાખવામાં આવ્યો છે.

વાહન વેરાનો લક્ષ્યાંક ગત વર્ષે ૧૯ કરોડનો હતો. જે ૧૧૨૩ કરોડની જ વસુલાત કરવામાં આવી હતી. વેરાની ચુકવણી ડિજિટલ કરનારને ઓછામાં ઓછું ૫૦ અને વધુમાં વધુ ૨૫૦ રૂપિયાનું રિબેટ આપવામાં આવશે. ગત વર્ષ કરતા રિવાઈઝડ બજેટ ૧૧૫૪ કરોડ હતું જે વધારીને ૧૫૦૦ કરોડ કરવામાં આવ્યું છે.

રાજકોટના નવા ભળેલા ઘંટેશ્વર, મુંજકા અને મોટામવા ગામમાં ભૂગર્ભ ગટર માટે ૯૧૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. મનપા દ્વારા ૧૦૦ ઈલેક્ટ્રિક બસ મૂકવામાં આવશે. શહેરમાં વર્ટીકલ ગાર્ડન અને સર્કલ રિડેવલોપમેન્ટ કરવામાં આવશે. વૃક્ષોનું જિયોનું ટેગિંગ કરવામાં આવશે. આજી ડેમ પાસે ૧૫૦ એમએલડીનો નવો સંપ બનાવવામાં આવશે. શહેરમાં ૨૨ જગ્યા પર માય ઈ-બાઈક કેન્દ્ર ઉભા કરાશે. નાકરાવાડી ખાતે ૪ વોલ્ટનો સોલાર પાવર પ્લાન્ટ બનાવવામાં આવશે. નવા વિસ્તારમાં ૨ નવા ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. એક પીપીપી ધોરણે ફાયર સ્ટેશન બનશે.

# માણાવદર સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ સંપન્ન : તાલુકામાંથી ઉમટી પડેલી હજારોની મેદની



સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય મુખ્ય તીર્થધામોમા માણાવદર સ્વામિનારાયણ મંદિરનો પણ અગત્યના તીર્થસ્થાન રૂપે સમાવેશ થયો છે ભગવાન સ્વામિનારાયણ શ્રી હરિ અહીં અનેક લીલાઓ કરી હતી જેની સ્મૃતિ રૂપે ભગવાન શ્રીહરિ ની સ્મૃતિ તાજી કરાવતા અને સ્મૃતિ ચિન્હ અહીં મોજુદ છે તેના દર્શન કરવા અનેક રાજયોમાંથી પ્રવાસીઓ તથા વિદેશના પ્રવાસી ભક્તો અહીં આવે છે

શ્રી હરિએ અહીં સૌપ્રથમ ભવ્ય શાકોત્સવ કરેલો અને તેની પરંપરા રૂપે દર વર્ષે અહીં શાકોત્સવ યોજાય છે નવાબીકાળમા નવાબની ત્રણ બેગમોએ સહજાનંદ મહારાજ તથા મયારામ ભટ્ટ ના સાનિધ્યમાં સ્વામિનારાયણ ની કંઠી અંગીકાર કરી હતી જે નોંધનીય બાબત છે

ભગવાન શ્રી હરિએ લોયા, ગોંડલ , માણાવદર વગેરે શહેરોમાં શાકોત્સવનું આયોજન કરેલું તેની પરંપરા રૂપે આજે પરમ પૂજ્ય સદગુરુ સ્વામી નિત્યસ્વરૂપદાસજી સરધાર ના સાનિધ્યમાં સ્વામી મંદિર ખાતે ભવ્ય શાકોત્સવ યોજાયો જેમાં તાલુકાભરમાંથી મોટી જનમેદની મંદિરે ઉમટી હતી અને પ્રસાદ ગ્રહણ કર્યો હતો તથા મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજ આદિક દેવોના દર્શન તથા પૂજ્ય સંતો ના આશીર્વાદ લીધા હતા મંદિરના કોઠારી સ્વામી મોહન પ્રકાશદાસજી તથા સેવકોના સઘન પ્રયાસ થી કોરોનાની સ્થિતિમાં માસ્ક પહેરવા બાબતે ખાસ તાકીદ કરવાથી લોકોએ કોરોના ગાઈડલાઈનનુ પાલન કર્યું હતું હકડેઠઠ મેદની વચ્ચે સ્વામી પોતે વ્યવસ્થા કરતા જોવા મળ્યા હતા

તસવીર અહેવાલ-જીગ્નેશ પટેલ માણાવદર

# આંધ્ર પ્રદેશ સ્થાનિક સ્વરાજ ચૂંટણીમાં વાયએસઆરસીએ પોતાના પરચમ લહેરાવ્યા

અમરાવતી,તા.૧૫

આંધ્રપ્રદેશમાં શાસક વાયએસઆર કોંગ્રેસે શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ચૂંટણી જંગ જીતી લીધી હતી, જેમાં મુખ્ય વિરોધ પક્ષ તેલુગુ દેશમને ૭૫ નગરપાલિકાઓ અને ૧૧ મહાનગરપાલિકાઓમાં હાર આપી હતી. ટીડીપી માટે દુઃખની વાત એ હતી કે, તે ફક્ત પાંચ યુએલબીમાં જ ડબલ-અંકો પાર કરી શકી હતી. જયારે અન્ય વિરોધી પક્ષો ભાજપ અને જેએસપીને થોડો ફાયદો થયો છે.

વાયએસઆરએ મુખ્ય પ્રધાન વાય. એસ. જગન મોહન રેડ્ડીના નેતૃત્વમાં લોકોએ જે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો તે અવિરત વિજયને આભારી છે, જે તેમના વચનોને વળગી રહે છે અને તેમણે છેલ્લા ૨૨ મહિનામાં એક કલ્યાણ એજન્ડા અમલમાં મૂક્યો છે.શાસક પક્ષે પણ દાવો કર્યો હતો કે, તે રાજય માટે ત્રણ અલગ અલગ રાજધાનીઓ રાખવાના સરકારના નિર્ણયના સમર્થનમાં છે. ટીડીપી અધ્યક્ષ એન ચંદ્રબાબુ નાયડુએ એક ટ્વીટમાં પોતાની પાર્ટીનો રેક્ર જાહેર કરી ફાઈલને જણાવ્યું હતું, પરિણામોથી નિરાશ થવાની કોઈ જરૂર નથી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આપણે ધમકીઓ, જુલમવાદ અને સત્તાના દુરુપયોગ સામે મજબુત લડત આપી છે.

દુર્ભાગ્યે ટીડીપી વિજયવાડા અને ગંતુરમાં પોતાનો ઝંડો લહેરાવી શકી નથી. જે હાલના પાટનગર અમરાવતીનો એક ભાગ છે, જયાં લોકો મૂડી ત્રિભોજન યોજનાનો વિરોધ કરી રહ્યા છે. સરકારે વિશાખાપટ્ટનમમાં પ્રમાણમાં સારું પ્રદર્શન કર્યું, જેને સરકાર એક્ઝિક્યુટિવ કેપિટલ બનાવવા માંગતી હતી, પરંતુ વાયએસઆરસી ગ્રેટર વિશાખાપટ્ટનમ મ્યુનિસિપલ કોર્પોરેશન પર શાસન કરશે.

ટીડીપીને સાથી સીપીઆઈ અને અપક્ષની સહાયતા સાથે અનંતપુરમ જિલ્લામાં એક જ નગરપાલિકા, તાદીપત્રીને કબજે કરવાની આશા છે. રાજયના ત્રણેય પ્રદેશોમાં અન્ય ૭૪ નગરપાલિકાઓમાં વાયએસઆરસીની સત્તા રહેશે. કડપ્પા જિલ્લાના મયડુકુરુમાં ટીડીપીના ૧૨, વાયએસઆરસીના ૧૧ વોર્ડ અને જનસેનાએ ૨૪ સભ્યોની કાઉન્સિલમાં એક જીત મેળવી હતી, પરંતુ પૂર્વ અધિકારીઓના મતો શાસક પક્ષની તરફેણમાં સંતુલન ઝુકાવશે, જેનાથી તેમની સરકાર બનાવવામાં મદદ મળશે. ૧૨માંથી ૧૧ મહાનગરપાલિકાઓ પણ વાયએસઆરસીના ફાળે આવી છે.

હાઈકોર્ટના આદેશને કારણે ઈલુરૂ મહાનગરપાલિકામાં મત ગણતરી કરવામાં આવી નથી.

# રસીકરણ મામલે બ્રિટનને પાછળ છોડી ભારત બીજા ક્રમે

ન્યુ દિલ્હી,તા.૧૫

વિશ્વભરમાં કોરોનાની વેક્સિન આપવાની શરૂઆત થઈ ગઈ છે. ભારતમાં પણ બે કંપનીની વેક્સિન આપવામાં આવી રહી છે. ત્યારે રસીકરણમાં ભારત બીજા ક્રમે પહોંચી ગયું છે. ભારતે બ્રિટેનને પછાડીને બીજો ક્રમ મેળવ્યો કર્યો છે. અમેરિકા બાદ ભારતમાં સૌથી વધુ વેક્સિન આપવામાં આવી છે. ભારતમાં અત્યાર સુધી ૨.૯૭૪ કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી છે. જેમાં શનિવારે રાતે ૨.૪૩૧ કરોડ લોકોને રસીનો પહેલો ડોઝ આપવામાં આવ્યો છે. ત્યારે અમેરિકામાં શનિવારે ૧૦.૧૧૩ કરોડ લોકોને રસી આપવામાં આવી છે. કેન્દ્રીય મંત્રાલયે સોમવારે આ જાણકારી આપી હતી. દેશમાં કોરોના કેસ વધી રહ્યા છે. રવિવારે કોરોનાના ૨૬ હજારથી વધારે મામલા સામે આવ્યા છે. આ દરમિયાન રસીકરણમાં તેજી આવી છે. દેશમાં દરેક દિવસો લગભગ ૧૨.૬ લાખ લોકોને કોરોના રસી આપવામાં આવી રહી છે. કોરોનાના પ્રસારને રોકવા માટે પ્રતિબંધો લગાવવાની સાથે રસીકરણ અભિયાન ઝડપથી ચાલી રહ્યું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જણાવવામાં



આવ્યુ કે દેશભરમાં કોવિડ ૧૯ રસીકરણ હેઠળ શનિવારે રાત સુધી કુલ ૨,૯૭,૩૮,૪૦૯ કરોડ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે. આમાં ૨.૪૩૧ કરોડ લોકોને પહેલો ડોઝ લાગ્યો છે. રવિવારે ૧૫,૧૯, ૯૫૨ લોકોને કોરોનાની રસી લાગી છે. ભારતે સૌથી ઝડપથી રસીકરણ કરવાના મામલામાં બ્રિટને પાછળ છોડી બીજા નંબરે પહોંચ્યુ છે. ઉલ્લેખનીય છે કે બ્રિટનમાં શનિવાર રાત સુધીમાં ૨.૫૮૭ કરોડ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે.

સૌથી વધારે રસીકરણ અમેરિકામાં થયું છે. અમેરિકામાં અત્યાર સુધી કુલ ૧૦.૧૧૩ કરોડથી વધુ લોકોને વેક્સિન આપવામાં આવી છે.આમાં ૬.૮૮૮ કરોડ લોકો કોવિડ વૈક્સિનનો પહેલો ડોઝ લીધો છે. અમેરિકા, ભારત અને બ્રિટન બાદ વેક્સિન આપવામાં ચોથા ક્રમે બ્રાઝિલનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે ઓક્સફર્ડ અને એસ્ટ્રાજેનેકાની કોરોના વેક્સિન પર યુરોપના કેટલાક દેશે પ્રતિબંધ લગાવી દીધો છે.. ત્યારે હવે એસ્ટ્રાજેનેકાની સ્પષ્ટતા સામે આવી છે. એસ્ટ્રાજેનેકાએ કહ્યું કે વેક્સિન લગાવ્યા બાદ બ્લડ જામવાના હજુ સુધી કોઈ પુરાવા મળ્યા નથી. વેક્સિન લાગી હોય તે બ્રિટન અને યુરોપિયન યુનિયનના ૧.૭૦ કરોડ લોકોના રિવ્યુ લેવામાં આવ્યા. હવે કંપનીએ આ મામલે સ્પષ્ટતા આપી કે આવા કોઈ જ પુરાવા મળ્યા નથી. બ્લડ જામી જવાના સમાચાર વાયરલ થતાં યુરોપના કેટલાક દેશે એસ્ટ્રાજેનેકા વેક્સિનના ઉપયોગ પર પ્રતિબંધ મુકી દીધો હતો.

# મહિસાગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કૌભાંડનો આક્ષેપ

ગાંધીનગર,તા.૧૫

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના સરસવા ઉત્તર ગામે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સર્વે કરવામાં ગેરીરીતિ આચરી ગરીબોના નામો કંઈ કર્યાના આક્ષેપો સાથે ગ્રામજનો રજુઆત કરી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની મહત્વાકાંક્ષી યોજના એવી પ્રધાનમંત્રી આવાસ યોજના કે જે આવનાર વર્ષોમાં કોઈ પણ દેશવાસી ઘરવિહોણા ન રહે તે માટે કાર્યરત કરવામાં આવી પરંતુ તેમાં પણ ગેરરીતિની બુમો ઉઠવા પામી છે મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના સરસવા ઉત્તર ગામે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સર્વે કરવામાં ગેરીરીતિ આચરી ગરીબોના નામો કંઈ કર્યાના આક્ષેપો સાથે ગ્રામજનો રજુઆત કરી . મહીસાગર જિલ્લામાં આવેલ કડાણા તાલુકો આદિવાસી વસ્તી ધરાવતો અને ડુંગરાળ વિસ્તાર ધરાવતો તાલુકો છે અહીં ગરીબ આદિવાસીઓ વસવાટ કરે છે કડાણા તાલુકાના મોટાભાગના આદિવાસી લોકોને રહેવા માટે ઘર તો ઠીક પણ ઝુપડાના ઠેકાણા નથી ત્યારે ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જે લોકોને ઘર નથી તેવા ગરીબ લોકોને રહેવા માટે ઘર મળી રહે તે હેતુ સર યોજના અમલમાં મુકવામાં આવી હતી પરંતુ તેમાં પણ ગેરરીતિના આક્ષેપો થવા લાગ્યા છે.

# વડોદરાનું વર્ષ ૨૦૨૦-૨૧ના રીવાઈઝ્ડ બજેટ રજૂ કરાયું

વડોદરા,તા.૧૫

કોર્પોરેશન વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ રૂપિયા ૩૭૬૯ કરોડનું હતું એટલે કે આ વખતે તેના કરતાં બજેટમાં વધુ રૂપિયા ૧૧૨ કરોડ ફાળવ્યા છે. ગુજરાતમાં વડોદરા સહિત છ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી હોવાના કારણે બજેટ તેના નિયત સમય કરતા આશરે દોઢ મહિના લેટ રજૂ થયું છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કોરોના મહામારીના કારણે વિકાસના કામો પર બ્રેક વાગી ગઈ હતી. કોરોનાની અસરને લીધે ચાલું નાણાકીય વર્ષમાં આવકનો રૂપિયા ૪૯૧ કરોડનો જે ટાર્ગેટ મૂકવામાં આવ્યો હતો. તે હજી સુધી પૂરો થઈ શક્યો નથી.

અત્યાર સુધીમાં રૂપિયા ૪૪૪ કરોડની જ આવક થઈ શકી છે. અને હવે ટાર્ગેટ પૂરો કરવા માટે બાકી વેરો વસૂલ કરવા મિલકતોને સીલ કરવાનું શરૂ કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનરે આજે વર્ષ ૨૦૨૦-૨૧નું રૂપિયા કરોડનું રીવાઈઝ બજેટ પણ રજૂ કર્યું હતું. કમિશનરે તેમની બજેટ સ્પીચમાં જણાવ્યું હતું કે, વિકાસના કામોનાં ટાર્ગેટ પૂરા કરવા માટે પીપીપી ધોરણે કામો કરવામાં આવશે અને વધારાની નાણાંકિય જરૂરિયાત આંતરિક ભંડોળ કે બહારની સંસ્થાઓ અને બેંકો પાસેથી લોન મેળવીને કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડોદરા શહેરના લોકોને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા ઉપર ભાર મુકવામાં આવશે. કોર્પોરેશનમાં સમાવેશ કરવામાં આવેલા બીલ, ભાયલી, સેવાસી, ઉંડેરા, વડદલા સહિતના ગામોમાં પાણી સહિતની સુવિધા પૂરી પાડવામાં આવશે. પાણી માટે નવા સ્ત્રોત ઉભા કરવામાં આવ્યા છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ માં આજે છ ગદ્ય રચનાઓ આપેલ વિષય ના પ્રથમ દિવસે પ્રસિદ્ધ કરવામાં આવી છે

વિષય . શિક્ષણ,અભ્યાસ,તાલીમ,કેળવણી

..સંપર્ક સૂત્રો....
www.janfariyadnews.com
E m a i l : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews

---

## NGO SS : 0089

પ્રકાર : ગદ્ય

શીર્ષક : " શિક્ષણમાં માસુમ પરિચય જીવ નો ! "

રેખા શુકલ- અમેરિકા

હાંસિયા પાડતા સ્વાતિ ને બકુલ સ્કૂલમાં વાતોએ ચડ્યાં હતાં .બંને ટીચર્સ લાઉન્જમાં ગોઠવાયેલા...રિસેસ પછી પણ ફ્રી પિરિયડ હતો તો બંને વિદ્યાર્થીઓની પ્રગતિ નોંધપોથીમાં માર્ક્સ ટપકાવવા તૈયારી કરી રહ્યાં હતાં.સભ્યતા ને સંસ્ક?તિ ઉપર આધુનિકતાનું આક્રમણ વાતનો વિષય હતો. આજે જમાનો અલગ થયો છે કે વ્યક્તિથીપજમાનો બદલાયો છે કે વ્યક્તિની સલાહ "આક્રમણ" બની રહે છે કે સહાયક છે?દિવસ ને દિવસ અને રાત ને રાત કહેવાની સમજ હોવા છંતા જાણે મોટી ભૂલો કરી બેસે છે આ બધી ચર્ચા વચ્ચે "માસુમ" આવી ને ઉભો મેડમ કેન આઈ બી એક્ઝક્યુઝ...ફોર ટુમોરો ? મોમ ને ડેડની સાથે લૉંગ ડ્રાઈવ કરવા જવું છે"...'યુ સ્ટીલ હેવ ટુ બ્રિંગ ધ નોટ ' ઓકે મેડમ..સ્મિત કરીને માસુમ ચાલ્યો ગયો..દસ વાર ના કેહવા છંતા રોજ સૂકો નાસ્તો ને તે પણ "પ્લેઈન મમરાં"સ્મિત કરી કહી દેતો કાલે બીજો નાસ્તો લાવીશ. ફરી એજ ને એના મમરાં...!! કેવું ને કેટલું તો પણ ક્યાંથી આવી વળગે છે

ખાલીપણું કે પરાણે વ્હાલ કરી બેસે છે એક ભૂલકું ને એની અભિવ્યક્તિની અનુભૂતિ તમને વળગ્યા વગર ના રહે ...!તો પણ વિશ્વ સાથે કનેક્ટેડ થવાની શુલ્લકે દોટમાં પોતાના ઘરનો ઉંબરો અને સાંકળ વચ્ચે નો ભેદ ભૂલાય અને સાવ નીરવતા મૂકી જાય..ખાલી ઓરડા જેવા માસુમમાં તોય..છૂપાય ના એની સભ્યતા-સંસ્કાર ને સ્મિત ..!

છ માસિક પ્રગતિપત્રકમાં વાલીની સહી કર્યા વગર પ્રગતિપત્રક પાછું આવ્યું ત્યારે ફરી ટકોર કરેલી કે આમ નહીં ચાલે ..એમ કર કે કાલે અડધો દિવસ છે તો બપોરે મમ્મી ને લઈ ને જ આવ...! "પણ...મમ્મી તો ભગવાનના ઘેર ચાલી ગઈ..! "આજ પણ વાત કરતા સ્વાતિ ને બકુલની આંખો ડબડબી ગયેલી....!નાના ઝંડાઓ લઈ ને કૂદાકૂદ કરતાં બાળકો વચ્ચે 'માહ્રવગર નો માસુમ પોતાની "હિંદમાતા" માટે ખુશ હતો. જોઈને શિક્ષકો-શિક્ષિકાઓ અને પ્રિન્સીપાલ મનોમન વંદી રહ્યાં માસુમ ને...! જીવ ન અનુભવી શકે જીવન ..સાક્ષીમાં રહે સમય ને સરરર....સરતો જ જાય...જીવ સમય માત્ર પસાર કરતો જાય છે.

રેખા શુકલ ( સત્ય ઘટના )

---

## NOG : SS NO :-. 0095

વિષય :- શિક્ષણ , અભ્યાસ, કેળવણી, તાલીમ , ભણતર

પ્રકાર :- ગદ્ય

શીર્ષક :- શાળા :- કેળવણીનું દ્વિતીય સોપાન

બાળકની કેળવણીની પા પા પગલી ઘરથી શરૂ થાય છે. કેળવણીનું બીજું પગથિયું શાળા છે. ઘરમાં બાળક મુક્ત રીતે , સ્વયં અને અનૌપચારિક રીતે અનુભવો લે છે. શાળામાં – સમયચક્રમાં ગોઠવાઈને , શિક્ષકની મદદથી અને ઔપચારિક રીતે કેળવણી પ્રાપ્ત કરે છે. બાળમાનસનું શાસ્ત્ર અને કેળવણીને સંપૂર્ણ રીતે સમજીને જ્યાં શિક્ષણકાર્ય થતું હોય એ ઉત્તમ શાળા ગણાય.

બાળકના જીવનમાં સૌથી વધારે અસર તેની શાળાની હોય છે. શાળા એ જ્ઞાનની ગંગોત્રી છે.

' બસ હું આ શાળામાં ભણ્યો ' એમ કહેવામાં અંતરનો માંહ્યલો જે મહેંકી ઊઠે છે એ અવર્ણનીય પળ હોય છે. જીવનમાં આવનારા દિવસોમાં કરવાનાં કાર્યો અને આવનાર મુશ્કેલીઓનાં સમાધાનોમાં શાળા શિક્ષણનું પીઠબળ સૌથી મોટું હોય છે.

' શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા જયાં વહેહ્ન આવી જીવનચાલક જ્ઞાનગંગાનું પરિસર કેવું હોવું જોઇએ ? શાળાનું વાતાવરણ , તેની કાર્યશૈલી , તેનાં આયોજનો, પદ્ધતિ - પ્રયુક્તિઓ અને શિક્ષકો આ બધી જ બાબતો થકી શાળાનું વાતાવરણ નિર્માણ પામે છે. દેખાદેખીથી અંજાઈને શાળાની ઝીણવટભરી ખાતરી વિના ગમે તે શાળામાં બાળકનો પ્રવેશ લઈ લેવો એ ડહાપણભર્યું કામ નથી.

બાળકની સર્વાંગીણ કેળવણીમાં શાળા કેટલી ઉપકારક બની શકે તેમ છે તેનો વિવેકપૂર્ણ વિચાર કર્યા પછી જ બાળકનો પ્રવેશ લઈએ એ ખૂબ જરૂરી છે. માત્ર બાહ્ય ભૌતિક સમૃદ્ધિવાળી શાળા ઘણીવાર આંતર સત્વવિહોણી પણ હોઈ શકે , એટલે બાળકેળવણીનાં મહત્વનાં વર્ષોમાં તેની જવાબદારી કોના શિરે સોંપવી એ માતા - પિતા માટે અતિ મહત્વપૂર્ણ બાબત બની રહે છે. માટે જ બાલવયમાં બાળકનાં બધાં જ અંગોની કેળવણી – સર્વાંગીણ કેળવણી થાય તો આગળ જતાં બૌદ્ધિક વિષયો તેને સમજવા ઘણા જ સરળ અને અનુકૂળ રહે છે. એટલે જ પ્રવાસ – પર્યટનો, મુલાકાતો, વિવિધ પ્રવૃતિઓ અને સમય સાથે તાલ મેળવી શકે એવી આધુનિક વ્યવસ્થાશક્તિ અને પદ્ધતિઓ નિયમિત રીતે આયોજનબદ્ધ હોય એવી જ શાળા માતા – પિતાએ પોતાનાં બાળક માટે પસંદ કરવી જોઈએ.

દીપિકા ચાવડા 'તાપસી '

## NOG SS No :- 0038

વિભાગ :- ગદ્ય

શીર્ષક :-આજનું શિક્ષણ

આજના શિક્ષણની વાત કરીએ તો પહેલાં એજ વિચાર આવે કે, આજે પ્રાઇવેટ સ્કૂલો વાળા એનો ધંધો બનાવી દીધો છે. ભણતર ઓછું ને ફી વધારે છે.ફીનાં ભાર નીચે માબાપ દબાય છે, ને ભણતરનાં ભાર નીચે બાળકો દબાય રહ્યા છે.

ઉચ્ચ ફી લેતી સ્કૂલ જાણે સમાજમાં એક સ્ટેટ્સ બની ગયું છે.દેખાદેખી પાછળ ભાગતા માબાપ ની સાથે બાળપણ પણ ભાગી રહ્યું છે. ઉચ્ચ ફી ભરી બાળકનું એડમિશન કરાવી ને માબાપ બાળક પાસે ઉંચી અપેક્ષા ઓ રાખે છે,ને એ અપેક્ષા ઓ પૂરી કરવા જતાં બાળક ઘણીવાર મુંઝારો અનુભવે છે.

જે આનંદથી વર્ષો પહેલા બાળકો ભણતા ને શિક્ષકો જે આનંદથી ભણાવતા એ આનંદ ગાયબ થઈ ગયો છે.શિક્ષણથી તો માનવતાનું સિંચન થાય છે પણ આજના શિક્ષણમાં તો માનવતાજ વેચાવા લાગી છે.

આજના શિક્ષણમાં ગરીબ બહુ પીસાય છે.પૈસાદાર માણસો પૈસાની ઓફર કરે ને થોડામાં શિક્ષણ વેચાવા લાગે છે.પેપર ફૂટી જાય છે ને પૈસાદરના હાથમાં આવી જાય છે ને બિચારો ગરીબ ત્યાંનો ત્યાં રહી જાય છે.

અનેક રીતે સહેલું બની ગયું આજનું શિક્ષણ છતાં શિક્ષા લેવી જરૂરી તો છે જ તો દરેક બાળકોએ ભાર વિનાનું સાચું શિક્ષણ લેવા પ્રયત્ન કરવો જોઈએ. ને વાલીઓ એ પણ શિક્ષણ બાબતે જાગૃત થવું જોઈએ.

શીલા પટેલ "આકાંક્ષા"

---

## NOG SS No. 0079

વિષયઃ શિક્ષણ, તાલીમ, કેળવણી ને અભ્યાસ

પ્રકારઃ ગદ્ય

મથાળું :શિક્ષા આપે તે શિક્ષણ !

શિક્ષણની પદ્ધતિમાં ધરખમ ભૂચાલ આવ્યો છે. કયાં આપણી ગુરુકુલ પરંપરા અને કોરોનાને કારણે 'ર્દ્રૈક્ટિક્ખ્લ રીત! શિક્ષા મેળવવા બાળકો શાળામાં જતા હોય છે. માતા અને પિતા તેમજ કુટુંબીજનોનો અમૂલ્ય ફાળો બાળકને પ્રારંભિક શિક્ષણ આપે છે. વડીલોનું માનવું છે કે મોંઘીદાટ શાળામાં બાળકને સારું શિક્ષણ પ્રાપ્ત થાય છે. એ વાત સદંતર ખોટી લાગે છે, મારા મત પ્રમાણે . શિક્ષણ આપવાની પદ્ધતિ મોટે ભાગે શાળાઓમાં સમાન હોય છે. શિક્ષણ ગ્રહણ કરવાની ક્ષમતા દરેક બાળકની અલગ હોય છે. ઉપરાંત દેખાદેખીમાં અટવાયેલું બાળક શિક્ષણની મહત્વતા પિછાની (ઓળખી)શકતું નથી.

તાલીમની સાથે તાલ મેળવવો ખૂબ અગત્યનું છે. ભણતર પર ભવિષ્યનું ચણતર છે, એ વિશે બાળકને નાની વયેથી સમજાવવું એ માતા અને પિતાની ફરજ છે. આજના શિક્ષણ તેમજ તેની પ્રથાનો દોષ જોવો, તેના કરતાં બાળકની પ્રવૃત્તિ પ્રત્યે સજાગ રહેવું આવશ્યક છે.

નજર સમક્ષ જોઈએ છીએ કે રિક્ષા ચલાવનારની દીકરી પ્રથમ આવી. નવરાશના સમયે બુટ પોલિશ કરીને છોકરો ડોકટર બન્યો.

પ્રવિણા કડકિઆ,અમેરિકા.

## NOG SS NO-0091

વિભાગઃ ગદ્ય

શીર્ષકઃ ભણતરમાં કરો સુધારો

આધુનિક યુગમાં આજે ભણતર ખૂબ વધી ગયું છે. ભણતરનો બોજ પણ વધતો જાય છે અને ભણતર મોંઘું પણ થતું જાય છે. સામાન્ય પરિસ્થિતિવાળા લોકો માટે આજે એક મોટી સમસ્યા બની ગઈ છે, આ સમસ્યા દિવસે ને દિવસે વિકટ બનતી જાય છે. હું શિક્ષક છું એટલે શિક્ષણ વિશે વધુ માહિતગાર છું. હાલમાં શિક્ષણને નહી પરંતુ સ્કૂલ તથા કોલેજનાં નામને મહત્વ અપાય છે. ફલાણી ફલાણી સ્કૂલમાં મુકવાથી આપણું સ્ટેટ્સ ઊંચું લાગે, અમૂક સ્કૂલમાં મૂકવાથી આપણી છાપ ખરાબ પડે ભલે ત્યાં શિક્ષણ સારું હોય તો પણ મા-બાપ પોતાનાં બાળકને સ્કૂલમાં મૂકતાં નથી.એટલે જ ભ્રષ્ટાચારે જોર પકડ્યું છે. પૈસા આપીને એડમિશન અને નોકરી મેળવી શકાય છે.

આજે આપણી પાસે હજારો ડિગ્રીધારી યુવક-યુવતીઓ નોકરી માટે રખડતાં નજરે પડે છે. વગ અને પૈસા ખરચવા છતાં પણ ઘણીવાર નોકરી મળતી નથી. ભણતરને જ પોતાનું લક્ષ્ય માની બીજી ઈતર પ્રવૃત્તિમાં ધ્યાન આપે નહીં અને નોકરી ન મળતાં દુઃખી થવું પડે. અને આવી મુસીબતોથી કંટાળીને ઘણીવાર યુવક-યુવતીઓ અવળે રસ્તે ચડી જાય છે અને ઘણીવાર આત્મહત્યાનો પ્રયાસ કરે છે.

શાળામાં આજે જે ભણાવાય છે તે પુસ્તકિયું જ્ઞાન છે, તેને યાદ કરવાં બાળકો ફક્ત ગોખણપટ્ટી કરે છે. મહારાણા પ્રતાપનાં ઘોડાનું નામ શું હતું ?, અકબર ક્યારે ગાદીએ બેઠો?, અકબરનાં નવ રત્નોનાં નામ કહો, દુનિયાની અજાયબીઓ કેટલી અને તેનાં નામ કહો, ૧૮૫૭નાં બળવાનો મુખ્ય નાયક કોણ હતો?, ગાંધીજીને કોણે માર્યા હતાં? આવાં અનેક પ્રશ્નો શિક્ષકો બાળકો પાસે કરાવે અને બાળકો ગોખણપટ્ટી કરે. નોકરીમાં ઇન્ટરવ્યૂ વખતે આવાં કોઈ પ્રશ્નો પૂછાતાં નથી અને જીવનમાં પણ કોઈ કામ લાગતાં નથી. જાણવું જરૂરી છે પરંતુ ભણતર એવું ભણવું કે જીવનમાં ઉપયોગી બને. હું એવું માનું છું કે દરેક શાળામાં ફક્ત ભણતરને જ નહીં પરંતુ સાથે નાનાં મોટાં ઉદ્યોગોની તાલીમ પણ આપવી જોઈએ જેથી ભણ્યા પછી બાળક પોતાનો જ ઉદ્યોગ શરૂ કરીને રોજગારી મેળવી શકે. જેનાથી તેનો પણ વિકાસ થાય અને દેશનો પણ વિકાસ થાય. આપણી પાસે ઘણાં એવા ઉદ્યોગો છે, જેવાં કે અગરબત્તી, ચોક, ડિટર્જન્ટ પાવડર, સાબુ, ફિનાઈલ, ફેસ પાવડર. ઉપરાંત સીવણ, રસોઈ, ઈલેક્ટ્રીક વસ્તુઓનું રીપેરીંગ. આવાં નાના-મોટા વિષયોની તાલીમ આપી બાળકને એટલું તૈયાર કરી શકીએ કે પુખ્ત થતાં તે જાતે પોતાનો રોજગાર મેળવી શકે. તેને બીજે ક્યાંય નોકરી શોધવા જવું ન પડેશિક્ષણની આ ઢબ આવી જ રીતે પરંપરાગત ચાલુ રહી તો અંગ્રેજોની જેમ આપણે પણ ફક્ત કારકુનો જ પેદા કરી શકીએ. આ માટે આખાં સમાજે જાગૃત થવાની જરૂર છે. પરિવર્તન આવશ્યક છે, અશક્ય નથી. આ પરિવર્તન લાવી એક નવો સમાજ, એક નવી શિક્ષણ પ્રણાલી ઊભી કરી આપણાં દેશને અન્ય દેશો સાથેની હરિફાઇમાં વેગવંતો બનાવી શકીએ.

જિજ્ઞાસા યુ જોષી ," શુક

## NOG SS NO -0037

વિભાગઃ - ગદ્ય.

વિષય - શિક્ષણ, કેળવણી....

શીર્ષક - જ્ઞાનનું ગ્રહણ. ( વાર્તા )

પ્રાચીન સમયની વાત છે.એ સમયમાં લોકો પોતાના બાળકોને ,અભ્યાસ અર્થે, સાતેક વર્ષનું થાય, એટલે ગુરુજીના આશ્રમમાં છોડી આવતાં. ત્યાં ગુરુજી, અને ગુરુમાતા, બાળકોને ખૂબ વ્હાલથી સાચવતાં. બાળકોને આશ્રમમાં યુવાવસ્થા સુધી રહેવુ પડે.ગુરુજી અને ગુરુમાતા શિષ્યોને જીવનનાં પાઠ શીખવે.બાળકનાં સર્વાંગી વિકાસ માટે મજબૂત બનાવે.

આવા જ એક ગુરુજીના આશ્રમમાં વિદ્યાર્થીઓ રહે.સમય જતાં વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂર્ણ થતાં,ગુરુજી એક દિવસે ત્રણેય શિષ્યને પોતાની પાસે બોલાવી કહે,"હવે તમારે ઘરે જવાનો સમય આવી પહોંચ્યો છે. મારે તમારી અંતિમ એક પરીક્ષા લેવાની છે. શિષ્યો ખૂબ હોશિયાર હતાં.એ કહે" કંઈ વાંધો નહી,ગુરુજી આપ કહો એમ કરીશું." ગુરુજી ત્રણેય શિષ્યને વહેલી સવારે બોલાવી એક એક કબૂતર આપી કહે, "આ કબૂતરને એવી જગ્યાએ જઈ મારજો, જ્યાં કોઈ જોતાં ના હોય."

ત્રણેય શિષ્યો કબૂતરને લઈ જુદી જુદી દિશામાં નીકળી ગયાં.પહેલો શિષ્ય કબૂતરને લઈ દૂર જંગલમાં જાય છે.ગીચ જંગલોમાં કોઇ જોતું નથી,એ રીતે કબૂતરની ડોક મરડી નાખી, પોતાની ઝોળીમાં લઈ આશ્રમ તરફ આવે છે. બીજો શિષ્ય કબૂતરને લઈ, દિવસના પ્રકાશમાં કોઈને કોઈ જોઈ જશે.એવું વિચારી નદીનાં પાણીમાં ઊંડે સુધી જઈ કબૂતરની ડોક મરડે છે.ત્યાર બાદ પોતાની ઝોળીમાં મરેલ કબૂતરને લઈ ગુરુજી પાસે આવે છે. ત્રીજો શિષ્ય,કબૂતરને લઈ ચારેય દિશામાં ફર્યો.પણ કંઈ સૂઝ્યું નહી.તેથી કબૂતરને લઈ ગુરુજી પાસે આવ્યો.ગુરુજીએ ત્રણેયને બોલાવ્યાં. ત્યાર બાદ પહેલાં શિષ્યને પૂછ્યું,"તે કબૂતરનું શું કર્યું ? "

પહેલાં શિષ્યએ ઉત્તર આપ્યો, "હું ગીચ જંગલમાં કોઈ ના જુએ એવી જગ્યાએ જઈ કબૂતરની ડોક મરડી નાખી." ગુરુજીએ બીજા શિષ્યને પૂછ્યું,"તે શું કર્યું ? "

બીજા શિષ્યએ કહ્યું," ગુરુજી દિવસના પ્રકાશમાં, કોઇ જોઈ જશે એવા ડરથી મેં,નદીનાં ઊંડા પાણીમાં જઈ કબૂતરની ડોક મરડી નાખી." ત્રીજો એકદમ ચૂપ રહ્યો. ગુરુજીએ પૂછ્યું,"તે શું કર્યું?"

ડરતા..ડરતા..બોલ્યો," ગુરુજી હું આપની આજ્ઞાનું પાલન કરી શક્યો નહી. મને ક્ષમા કરશો. હું ચારેય દિશા ફર્યો,પણ મને કોઈ એવી જગ્યા ના મળી જયાં કોઈ જોતું ના હોય.આપની શિક્ષા અનુસાર પૃથ્વીના કણ.. કણમાં ઈશ્વરનો વાસ હોય છે.ઈશ્વર બધુજ જુએ છે.આપની આજ્ઞા અનુસાર કોઈ ના જુએ ત્યાં જઈ કબૂતરને મારવુ..! હું કબૂતરને કેવી રીતે મારી શકું ?" ગુરુજી ખૂબ ખુશ થયાં.પોતાના આસન પરથી ઊભા થઈ શિષ્યને શાબાશી આપતા કહે," તે મારી આપેલી શિક્ષાનું સાચા અર્થમાં ગ્રહણ કર્યું છે,માટે તુ મારો શ્રેષ્ઠ શિષ્ય."

હેમલતા દિવેચા.જૂનાગઢ.

# બળદગાડા નો પુલ મીઢોળા નદી કપલથા ૧૯૩૦ દાંડી યાત્રા

## ૧૯૩૦ ની દાંડી યાત્રા વખતે મહાત્મા ગાંધીજી કપલેથા ગામે પહોંચતાં હિન્દુ-મુસ્લિમ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું






માંડવીઃ જ્યારે આપણો દેશ અંગ્રેજોના ગુલામી માં જીવતો હોય ત્યારે દેશને આઝાદી અપાવા મહાત્મા ગાંધીજી એ ભારે જેહમત ઉઠાવી હતી. ૧૯૩૯ ની સાલમાં મહાત્મા ગાંધીજી મીઠાનો સત્યાગ્રહ કરવાં માટે દાંડી યાત્રા કાઢી હતી.તે વખતે દાંડી યાત્રા સુરત જિલ્લા ના કપલેથા ગામે પહોંચતાં તે સમયના સંરપચ અહમદ મુશા ભાઈ એ હિન્દુ અને મુસ્લિમ બિરાદરો ને ભેગા કરી ગામ માં પાણી નો છંટકાવ કરી આખાં ગામમાં ટોળણો બાંધી મહાત્મા ગાંધીજી સહિતના સત્યાગ્રહનો ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યુ હતું

પ્રાપ્ત માહિતી અનુસાર ઈસવીસન ૧૯૩૦ માં દાંડી યાત્રા મીઠાનો સત્યાગ્રહ કરવાં માટે નિકળી હતી જેમાં મહાત્મા ગાંધીજી સાથે ધણા લોકો પગપાળા યાત્રા માં જોડાયા હતા આ યાત્રા નિકળી હતી ત્યારે કપલેથા ગામે થી પસાર થવાનાં સમાચાર તે સમયના ગામ પંચાયત પ્રમુખ તરીકે અહમદ મુશા ભાઈ ને જાણ થતાં તાત્કાલિક ગામ ના તમામ હિન્દુ અને મુસ્લિમો ને ભેગા કરી દાંડીયાત્રા ગામમાં થી પસાર થવાની છે. જેને કારણે ગામમાં પાણી નો છંટકાવ કરી આખાં ગામમાં ટોળણો બાંધી મહાત્મા ગાંધીજી નું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ ગામ માં આવેલ ભુલા ફકીરી શાળામાં પણ બાપુ નું ફુલો થી સ્વાગત કરવામાં આવ્યું હતું ? તેમજ ગામ ના લોકો એ દાંડી યાત્રા માં ૧૩૭ રૂપિયા નો ફાળો ભેગો કરી આપ્યો હતો. મહાત્મા ગાંધીજી એ સંબોધન કરતા જણાવ્યું હતું કે ' તમે દરેક વ્યક્તિ રેંટિયો' ચલાવો ખાદી પહેરો તેમજ દારૂના નિષેધ ના કામમાં મદદ કરો અને મીઠાનો કાયદો તોડવા માં સાથ આપો. ત્યારબાદ કપલેથા ગામ ના લોકો એ. મીઢોળા નદીમાં બળદગાડા નો પુલ બનાવી યાત્રીઓ સહિત બાપુ ને પસાર કર્યો હતાં. ડાભેલ ગામના મુસ્લિમ બિરાદરો એ પણ દાંડી યાત્રા નું સ્વાગત કરવામાં આવ્યું હતું અને રાત્રી રોકાણ ધામણ ગામે કયું હતું ત્યારબાદ બીજા દિવસે નવસારી થઈ દાંડી પહોંચ્યા હતા.૯૧ વષ યાત્રા ની દાંડી યાત્રા મા કપલેથા ના બળદ ગાડા પુલ ની યાદ રાખ શો ભુલા ફકીરી શાળા સ્વાગત મહાત્મા ગાધીજી.......અહમદ મુશા પંચાતી કપલેથા ગામ પ્રમુખ હતા.

# સર પી.ટી.સાયન્સ કોલેજ,મોડાસાના SSIP કેન્દ્ર ધ્વારા મોબાઈલ ઉર્જા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું



અરવલ્લી બ્યુરો મોડાસા

મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ,મોડાસા સંચાલિત સર પી.ટી.સાયન્સ કોલેજના SSIP ઇક્યુબેશન સેન્ટર અને ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી જેડા ગાંધીનગર તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે મોબાઈલ ઉર્જા પ્રદર્શન મોડાસાના ગ્રીન કોલેજ કેમ્પસમાં સાયન્સ કોલેજના પ્રભારી મંત્રીશ્રી સુરેન્દ્રભાઈ શાહના વરદહસ્તે ખુલ્લુ મુકાયું હતું. આ પ્રસંગે સાયન્સ કોલેજના પ્રિ. ડૉ.કે.પી.પટેલ તથા તજજ્ઞ તરીકે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર થી ડૉ. અનિલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આવનારી પેઢી માટે ઉર્જા તથા ક્લાઈમેટ ચેન્જના ગંભીર પ્રશ્નોની સમજણ તથા ઉકેલ માટે યુવાધન જાગૃત થાય તે હેતુ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ. કોલેજના SSIP કેંદ્ર દ્વારા નવતર પ્રયોગો હાથ ધરવામાં આવે છે અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આજરોજ આ કેન્દ્રમાં નોંધાયેલ ઓવેશ ડોડીયાના સોલાર બાઈસીકલ તથા સોલર કારના પ્રોજેક્ટને રજુ કરવામાં આવેલ હતો. આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન દેશના યુવાનો જીજૅ કેંદ્ર દ્વારા સિધ્ધ કરે તેવા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ નવતર પ્રોજેક્ટને જેડા દ્વારા વિશેષ માર્ગદર્શન અને સહાય મળે તે માટે દરખાસ્ત કરવામાં આવશે.

આ પ્રદર્શનનો લાભ અરવલ્લી જિલ્લાની એન્જિનિયરિંગ કોલેજોના વિદ્યાર્થીઓ, સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ અને મોડાસા ઔદ્યોગિક વસાહતના સભ્યોએ લીધેલ હતો. સમગ્ર પ્રદર્શનનું આયોજન SSIP ના સંયોજકો ડૉ. સંજયભાઇ વેદિયા અને પ્રા. ગિરીશ વેકરીયા દ્વારા કરવામાં આવેલ. સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓની ટીમે પ્રદર્શન માટે ખૂબ જહેમત ઉઠાવેલ હતી. આ પ્રસંગે કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર મોદી તથા હોદ્દેદારોશ્રીઓ ધ્વારા પ્રદર્શનને શુભકામનાઓ પાઠવવામાં આવેલ હતી.

## ચૂંટણીમાં મતદારોમાં ભારે ઉત્સાહ,ઉમળકાભેર મતદાન કરવા ઉમટ્યા

# મોડાસા નાગરીક બેંક ચૂંટણીમાં ૧ ૨ બેઠકો માટે ખરાખરીનો જંગ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

ઉત્તર ગુજરાતમાં સહકારી નાણાકીય સહકારી સંસ્થાઓમાં અગ્ર સ્થાન ધરાવતી મોડાસા નાગરીક સહકારી બેંકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૫ બેઠકો પૈકી સ્ત્રી અનામતની બે બેઠકો અને એસ.સી-એસટીની ૧ બેઠક બિનહરીફ થઈ છે ૧૨ બેઠકો માટેની આજે યોજાઈ રહેલ ચૂંટણીમાં ૧૮ ઉમેદવારોએ જંપલાવ્યું છે જેમાં ઘોડાની પેનલમાં ૧૦ ઉમેદવારો અને વાઘની પેનલમાંથી ૮ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે મોડાસા નાગરીક બેંકની ચૂંટણીમાં નાગરીક બેંકનું સુકાન સોંપવા મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો મતદારો વહેલી સવારથી મોડાસા-સર્વોદય હાઈસ્કૂલ ખાતે યોજાયેલ મતદારો ઉમટ્યા હતા આજે રાત્રે મતદાન પ્રક્રીયા પૂર્ણ થયા બાદ મતગણતરી હાથધરવામાં આવશે અને વિજેતા ઉમેદવાર જાહેર થશે . મોડાસા નાગરિક સહકારી બેંકની ચૂંટણી જાહેર થતાની સાથે શહેરના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો જેમાં છેલ્લે ઘોડાની પેનલમાંથી ૧૦ અને વાઘની પેનલમાંથી ૮ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં જંપલાવ્યું હતું મતદારોને રીઝવવા બંને પેનલના ઉમેદવારોએ એડીચોંટીનું જોર લગાવ્યું હતું અને મતદાન મથક સુધી લાવવા અને બંને પેનલના ઉમેદવારોએ તેમની પેનલ તરફી મતદાન કરવા મતદાન મથક બહાર છેલ્લી ઘડી સુધી રિઝવતા નજરે પડ્યા હતા મોડાસા નાગરિક બેક્નનું સુકાન સોંપવા મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને મતદાન પ્રક્રીયા શરુ થતા લાઈનમાં ઉભા રહી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો આજે મતદાન પ્રક્રિયા પૂર્ણ થતા સાંજે મતગણતરી હાથધરવામાં આવશે મતગણતરી બાદ સભાસદોએ કોના નામ પર મહોર મારી બેંકનો વહીવટ સોંપે છે તે પણ આજે જ નક્કી થઇ જશે વાઘ અને ઘોડાની પેનલ વચ્ચે ભારે રસાકસી જંગમાં પેનલની જીત થાય છે કે પછી પેનલ તૂટશે સહીત અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે

## વડોદરા મેજીસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડ્યું

# રાજપીપલા અને પોઇચાને જોડતો નર્મદા નદી પરનો પુલ એક મહિના માટે બન્ધ કરવામાં આવ્યો




રાજપીપળા તા ૧૫

રાજપીપલા અને પોઇચા ને જોડતો નર્મદા નદી પરનો પૉઇચા પુલને ફરી એક મહિના માટે બંધ કરાયો છે.હવેવધુ સમારકામ કરવા માટે.૧૫ /૩/૨૦૨૧ થી તા. ૧૬ / ૦૪ /૨૦૨૧ સુધી સદર રસ્તો ટ્રાફીક માટે બંધ કરવામાં આવ્યોછે.આમ આજથી એક માસ માટે પુલ પરથી વાહનો જઈ શકશે નહિ.આ અંગે વડોદરા જીલ્લા મેજીસ્ટ્રેટે સત્તાવાર જાહેરનામુ બહાર પાડ્યુંછે. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ ૭ નવેમ્બર ૨૦૨૦ ના રોજ આવેલ ભુકમ્પને કારણે પુલના સેટલમેન્ટ માં નુકશાન થયું હતું.જેને રીપેર કરવા માટે પૂલનો વાહન વ્યવહાર નાના વાહનો માટે બંધ કરવામા આવ્યો હતો. જેને કારણે મોટા વાહનોની અવરજવર બંધ થઈ જતા વાહન ચાલકો અને મુસાફરોને૨૦કિમી ફરી ને જવું પડતા સમય અને નાણા નો વ્યય થતો હતો. હવે ફરી એક વાર રાજપીપલા અને પોઇચા ને જોડતો નર્મદા નદી પર નો પુલ એક મહિના માટે બન્ધ કરવામાં આવ્યોહતો. હવે ફરી એક વાર આપુલ સેટલમેન્ટ નું સમારકામ કરવાનું હોવાથી ૧૫ માર્ચ થી ૧૬ એપ્રિલ સુધી તમામ વાહનની અવર જવર બંધ કરવાનો વારો આવ્યો છે.આ માટે હવે જાહેરનામુબહાર પાડી

વડોદરા થી રાજપીપલા જતા વાહનોએ હવે વડોદરા ડભોઇ તિલકવાળા ગરુડેશ્વર થઈ ને રાજપીપલા આવું પડશે જેને કારણે ૨૦ થી ૩૦ કિલોમીટર નો ફેરવો વધુ થશે જેમા આ રસ્તાના બદલે હવે રસ્તાનો ઉપયોગ હવે ૧) વડોદરા થી રાજપીપળા જતાં વાહનોએ અવર-જવર માટે વડોદરા-ડભોઈ-તિલકવાડા-ગરૂડેશ્વર રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.તેમજ સેગવા ચોકડીથી રાજપીપળા જતાં વાહનોએ અવર-જવર માટે સેગવા-ડભોઈ-તિલકવાડા-ગરૂડેશ્વર રસ્તાનો ઉપયોગ કરવા નો રહેશેએ ઉપરાંત રાજપીપળા થી વડોદરા જવા માટે રાજપીપળા-ગરૂડેશ્વર-તિલકવાડા-ડભોઈ થઈ વડોદરાનો ઉપયોગ કરવાનો રહેશે. આમ વારંવાર પૂલના સમારકામ પાછળ થતો ખર્ચ અને નાણા નો બગાડ પૂલ ના તકલાદી કામની ચાડી ખાઈ રહયુ છે. આ અંગે સમગ્ર ઘટનાની ન્યાયી તપાસ કરી જવાબદારો સામે પગલાં ભરવાની મુસાફર જનતા એ માંગ કરી છે. તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપળા

# જિલ્લાની મુખ્ય ગણાતી પાલનપુર નગરપાલિકામાં ભાજપના પ્રમુખ,ઉપપ્રમુખની વરણી કરાઈ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના ત્રણ નગરપાલિકાઓના પ્રમુખ ઉપપ્રમુખની વરણી કરાઈ હતી પાલનપુર ડીસા તેમજ ભાભર નગરપાલિકા માં ભાજપના પ્રમુખ ઉપપ્રમુખની વરણી થઈ હતી ત્યારે જિલ્લા ની મુખ્ય ગણાતી પાલનપુર નગરપાલિકામાં ભાજપ ના પ્રમુખ ઉપપ્રમુખની વરણી કરાઈ હતી.પ્રમુખ તરીકે હેતલબેન રાવલ તેમજ ઉપ પ્રમુખ તરીકે હસમુખ પઢિયાર ની વરણી કરવામાં આવી હતી..પાલનપુર નગરપાલિકાના પ્રમુખ પદે હેતલબેન રાવલ અને ઉપપ્રમુખ પદે હસમુખ પઢીયાર ની વરણી કરાઈ હતી પાલનપુર પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં પાલનપુર નગરપાલિકા હોલ માં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરાઈ હતી જોકે નવા વરાયેલા પ્રમુખ પાલનપુર શહેરના વિકાસ રોડ રસ્તા પાણીના પ્રશ્નો ને પ્રાધાન્ય આપવાની વાત કરી હતી... પાલનપુર નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને બહુમત મળ્યો હતો ૪૪ માં થી ૩૨ બેઠકો ભાજપે મેળવી હતી જેને લઈને બહુમતીથી પાલનપુર નગરપાલિકામાં ભાજપે સત્તા મેળવી હતી જોકે આજે ભાજપ શાસિત પાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણી કરાઈ હતી જોકે ચૂંટાયેલા પ્રમુખ શહેરના વિકાસનો આશાવાદ સેવ્યો છે તો બીજી તરફ કોંગ્રેસ દ્વારા ભ્રષ્ટાચાર મુક્ત શાસન ચાલે એવી આશા વ્યક્ત પણ કરી હતી..

## સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસીઓએ ૫૦ લાખનો આંકડો પાર કર્યો

# ૨૦૧૮ થી ૨૦૨૧ માર્ચ સુધી માં ૨.૫ વર્ષ મા ૫૦ લાખ પ્રવાસીઓ એ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી



રાજપીપળા, તા ૧૫

વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ સ્ટેચ્યુ ઓફ યુનિટી હવે વિશ્વના પ્રવાસીઓ માટે આકર્ષણ નુ કેન્દ્ર બન્યુ છે. ૨૦૧૮મા વડા પ્રધાને સ્ટેચ્યુ ઓફ યુનિટીનુ લોકાર્પણ કર્યા પછી પ્રવાસીઓનુ. માનીતું પ્રવાસી હબ બની ગયુ. વિશ્વની સૌથી ૧૮૨ મીટરની સરદાર પટેલની પ્રતિમાજોવા પ્રવાસીઓના ધાડા ઊમટવા શરૂ થયા.સરકારે ક્રમશઃ અવનવા પ્રોજેક્ટ શરૂ કરતા પ્રવાસીઓ ની સંખ્યા મા ઉત્તરોત્તર વધારો થતો ગયો. આજેનર્મદા નિગમના એમ ડી રાજીવ ગુપ્તા એ ટ્વીટર પર ટ્વીટ કરી પ્રવાસીઓ ની આંકડાકીય માહિતી શેર કરીછે.અને જણાવ્યુ છે કેસ્ટેચ્યુ ઓફ યુનિટીના

પ્રવાસીઓએ ૫૦ લાખનો આંકડો પાર કર્યો છે.૨૦૧૮ થી ૨૦૨૧ માર્ચ સુધી ૨.૫ વર્ષ મામાં ૫૦ લાખ પ્રવાસીઓ એ સ્ટેચ્યુ ઓફ યુનિટી ની મુલાકાત લીધીછે.અત્રે ઉલ્લેખનીય છે કેસ્ટેચ્યુ ઓફ યુનિટી ૨૦૧૮ માં પ્રવાસીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું.જોકે૫૦ લાખ પ્રવાસીઓ સ્ટેચ્યુ સુધી આવે તેની પ્રેરણા અને માર્ગદર્શન વડાપ્રધાન એ આપ્યું હોવાનુ જણાવી એનો સંપૂર્ણ શ્રેય વડાપ્રધાનને આપ્યો છે

સૌથી ઝડપભેર પૂર્ણ કરવામાં આવેલ જંગલ સફારી, હેન્ડલુમ અને હેન્ડીક્રાફટ વિવિધતામાં એકતાના પ્રતિક સમુ એકતા મોલ, સમગ્ર વિશ્વનો સૌથી પ્રથમ ટેકનોલોજી આધારિત ચિલ્ડ્રન ન્યુટ્રેશન પાર્ક,વેલી ઓફ ફ્લાવર, દેશનો સૌ પ્રથમ યુનિટી ગ્લો ગાર્ડન તથા કેકટ્સ ગાર્ડન ,જંગલ સફારી પાર્ક, સી પ્લેન સેવા,જેવા નવા આકર્ષણોએ પ્રવાસીઓ ની સંખ્યા વધારીછે. એ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક બાંધવામાં આવેલ જેટ્ટી પરથી શ્રેષ્ઠ ભારત ભવન પાસેની જેટ્ટી સુધીની ૪૦ મિનીટની રાઈડ,ક્રૂઝ બોટ ની મઝા બોટીંગ (એકતા ક્રૂઝ), નેવીગેશન ચેનલ, નવો ગોરા બ્રીજ, ગરૂડેશ્વર વિયર, એકતા નર્સરી, ખલવાણી ઈકો ટુરિઝમ, સરકારી વસાહતો, બસ બે ટર્મિનસ તથા હોમ સ્ટેના નવા પ્રોજેકટનોપણ સમાવેશ થતા પ્રવાસીઓ ની સંખ્યા ક્રમશઃ વધવા પામી છે

તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપળા



**માનવતા ચેરિટેબલ ટ્રસ્ટ, વાસણા અમદાવાદ દ્વારા કોરોના ના કપરા સમયગાળા માં આવસાન પામેલ સદ્દગત સ્વજનો તેમજ નામી અનામી કોરોના દ્વારા અવસાન પામેલ સ્વજનો ના સ્મરણાર્થે સામૂહિક શ્રદ્ધાંજલિ ભજન-સત્સંગ નું આયોજન પુનિત પ્રેમી શ્રી કીર્તનભાઈ દીક્ષિત ની વ્યાસપીઠે કરવામાં આવેલ હતું.**

**ફોટો સ્ટોરી કુશલભાઈ ભટ્ટ**

# શ્રી ગોવિંદભાઈ વરમોરાની શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝામાં ટ્રસ્ટી તરીકે માનભેર વરણી કરવામાં આવી.



અમારા વડીલ, મુરબ્બી, સમસ્ત પાટીદાર સમાજ ના ઈન્ટરનેશનલ ચેરમેન અને માર્ગદર્શક એવા શ્રીમાન ગોવિંદભાઈ વરમોરા, સનહાર્ટ ગ્રુપ - સરા, મોરબી વાળાની સમસ્ત કડવા પાટીદાર સમાજના વિશ્વભરના ૭૫ લાખ કડવા પાટીદારોની કુળદેવી શ્રી ઉમિયા માતાજી ના મુખ્ય મંદીર અને માતૃસંસ્થા એવા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝામાં ટ્રસ્ટી તરીકે માનભેર વરણી થતા સમસ્ત પાટીદાર સમાજના પ્રમુખ, મુકેશભાઈ મેરજા, માનવ કલ્યાણ મંડળ-ગુજરાતના પ્રમુખ, ગીતાબેન પટેલ, ઉપ-પ્રમુખ, વિભાબેન મેરાજા, ચંદુભાઈ વીરાણી - બાલાજી વેફર્સ, વલ્લભભાઈ કટારીયા - કટારીયા ગ્રુપ, શીવલાલભાઈ આદ્રોજા - એંજલ પંપ, દિલીપભાઈ ઘરસાંડીયા - ઉદ્યોગપતિ, નાથાભાઈ કાલરીયા - શનફોર્જ, સૌલેશભાઈ ગોવાણી - માર્સ ફોર્જ, કાંતીભાઈ માકડીયા - નેબ્યુલા સર્જીકલ, અરવીદભાઈ પાણ - ઉદ્યોગ પતિ, રાજનભાઈ વડારીયા - વડાલીયા ફુડ, ઘરમશીભાઈ સીતાપરા - ગેલેક્ષી સ્ટેમપીગ, રમેશભાઈ ઠોરીયા - સીલ્વર બેટરી, જેરામભાઈ કુંડારીયા - ક્રુતિ ઓનેલા, વિઠલભાઈ ધુડુક - બાલમુકુંદ ફોર્જ, વલ્લભભાઈ વડારીયા - કીશાન ઈંફ્રાસ્ટ્રકચર, મનસુખભાઈ સાવલીયાએ અભિનંદન સહ ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી દીર્ઘાયુષ્ય માટે કુળદેવીને પ્રાથના સાથે શ્રી ગોવિંદભાઈની ટ્રસ્ટી તરીકેની વરણીને બિરદાવી છે. સાથે પ્રમુખ મુકેશભાઈ મેરજાએ જણાવ્યુ કે સમસ્ત પાટીદાર સમાજ દ્વારા શ્રી ગોવિંદભાઈ વરમોરાનુ જાજરમાન સન્માન કરવામા આવનાર છે. ગોવિંદભાઈ વરમોરા પાટીદાર સમાજનાં ભામાશા છે. તેમને અત્યાર સુધીમા કરેલ કરોડો રૂ.ના દાનની કદર કરવા ભારતીય પરંપરા અનુસાર શરણાઇ, ઢોલ ત્રાંસા, બેંડથી વાજતે ગાજતે સાનદાર બગીમાં શોભાયાત્રા સાથે જાજરમાન સન્માન કરવામા આવશે.

વધુમા જણાવેલ કે લક્ષચંડી મહાયજ્ઞમા સવા ચાર કરોડ નાં મુખ્ય દાતા બન્યા હતા અને સમાજ સેવા કરતી ઘણી સંસ્થાઓમા પણ ખુબ જ દાન આપતા આ પાટીદાર ભામાશા રાજકોટ સ્થિત પાટીદાર સમાજ અને માનવ કલ્યાણ મંડળ-ગુજરાત સંચાલિત ×બા× નુ ઘર વ્રુધાશ્રમના મુખ્ય દાતા છે. પોતાના અને તેમની ફેમીલીના બર્થ ડે. એનીવર્સરી જેવા ત્યોહાર ×બા× નુ ઘર આશ્રમમા ઉજવી અને ઘડીયા લગ્નને પ્રોત્સાહન આપી સમાજને નવો રાહ બતાવવામા અને એકમાત્ર, સમસ્ત પાટીદાર સમાજના દરેક જ્ઞાતી માટે બધીજ સેવાઓ કોઈપણ જાતના ભેદભાવ વગર તમામ સમાજના લોકોને આવરીલઈને મદદ કરવાના નિર્ણયના પણ જબરદસ્ત સમર્થક છે. વધુ વિગત માટે મુકેશભાઈ મેરજા, સમસ્ત પાટીદાર સમાજ

## માનવતાની મહેક ધૈર્યરાજસિંહને મદદ કરો...

# વડગામ તાલુકાના પસવાદળ,તેનિવાડા,રજોસણા ગામના રાજપૂત યુવાનો દાન એકત્ર કરવા મોહિમ હાથ ધરી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા સહિત વડગામ તાલુકાના ગામડાઓના ૫૦ થી વધુ બાવનવાંટા રાજપૂત સમાજ સહિત અન્ય યુવાનો મળી મહીસાગર જિલ્લાના ચાર માસના બાળક માટે ૫ જેટલા ડબ્બા લઈને અમદાવાદ પાલનપુર નેશનલ હાઈવે પર તેનિવાડા માધુપુરાના પાટીયા પાસે આવતી જતી ગાડીઓ માં દાન માંગી એકત્ર કરવામાં આવશે.. બાવનવાંટા રાજપૂત સમાજના યુવાનોએ હાકલ કરી છે,જેમાં અન્ય સમાજના યુવાનો જોડાઈને મહીસાગર જિલ્લાના કામેસર ગામના અને ગોધરા રહેતા રાજદીપ રાઠોડના ત્રણ મહિનાના પુત્ર ધૈર્યરાજસિંહ ને એસએમએ-૧નામની બીમારીના ઈલાજ માટે ખાસ ઈન્જેક્શન ની જરૂર પડતા જે ઈન્સજેક્શન અમેરિકાથી મંગાવવા માટે જેની કિંમત ૧૬ કરોડ રૂપિયાથી વધારે છે તે માટે બનાસકાંઠાના રાજપૂત સમાજ અને અન્ય સમાજના યુવાનો એકઠા મળી અમદાવાદ પાલનપુર નેશનલ હાઈવે ડબ્બા લઈને ઊભા રહી અને જે દાન એકત્ર થશે.અને જે ફંડ ભેગું થાય તેને રાજદીપ રાઠોડના પરિવારને આપી મદદ કરશે.આ બાબતે તમામ યુવાનોએ જણાવ્યું હતું કે અમારા સમાજના નાના બાળકને જે બીમારી આવી છે તે માટે ૧૬ કરોડનું ઈન્જેક્શન મંગાવવા માટે દેશભરમાં લોકો મદદ કરી છે. જે કંઈ પણ દાન આવશે એ એકત્ર કરીને પરિવારને સોંપવામાં આવશે.આ કામ માટે પસવાદળ,તેનિવાડા ગામના જગતસિંહ, કરણસિંહ,મોબતસિંહ, સમીરસિંહ,વામનસિંહ જેવા યુવાનો આગળ આવ્યા હત...

## એટીએમપર ગ્રાહકોનો ધસારો,નાણા ઉપાડવા ગ્રાહકો ને ભારે મુશ્કેલી

# ખાનગીકરણના વિરોધ મારાજપીપળા સહિત નર્મદાની આજથી બે દિવસની બેંક હડતાળ ને કારણે લાખોનું ક્લીયરન્સ ઠપ્પ




રાજપીપળા, તા ૧૫

આજથી દેશભરમાં બેક્ર કર્મચારીઓ બે દિવસ માટે હડતાળ પર ઉતરી ગયા છે, જેના પગલે રાજપીપળા સહિત નર્મદા મા પણ બેંક કર્મચારીઓ હડતાળ મા જોડાયા છે.પગાર વધારો અને બીજી કેટલીક માંગોને લઇને બેક્ર કર્મચારીઓ હડતાળ પર ઉતર્યાછે. ઉલ્લેખનીય છે કે, બે દિવસ હડતાળ અનેગઈ કાલ રવિવારની રજાના કારણે બેક્રિંગ કામકાજ પર ત્રણ દિવસ અસર પડી હતી.

બેદિવસની હડતાળમાં ભારતીય સ્ટેટ બેક્ર (એસબીઆઇ), જીએ, ક્ષ્ જેવી કેટલીક સાર્વજનિક બેક્રો જોડાઇ હતી.જોકેબેક્રોની હડતાળના કારણે ગ્રાહકોનેનાણાકિય વ્યવહાર કરવા મા ભારે મુશ્કેલી પડી હતી. નાણા ઉપાડવા અને ચેકો ના કલીયરનસ ના થતા લાખોનું ટ્રાનજેક્સ ન ઠપ્પ થઈ ગયુ હતું.જોકે આજે લોકો નો એટીએમ પર વધારે ધસારો જોવા મળ્યો હતો.

જોકે, આ હડતાળથી પ્રાઈવેટ બેક્રો દુર રહી હતી. જે બેંકો ચાલુ રહી હતી.

સરકારી બેંકોના ખાનગીકરણના વિરોધમાં બેંક કર્મચારીઓ આજથી બે દિવસની હડતાળ પર ઉતર્યા છે. ૯ બેંક યુનિયનોએ હડતાળને સમર્થન જાહેર કર્યું છે. જેને પગલે આજે અને આવતીકાલે દેશભરની બેંકોમાં કામકાજ ખોરવાઈ જશે.

સરકારના દસ બેંકોના ચાર બેંકમાં એકીકરણના નિર્ણયને કારણે નિષ્પન થતી પરિસ્થિતિને કારણે આંધ્ર બેંક, અલ્હાબાદ બેંક, કોર્પોરેશન બેંક, ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ, સિન્ડીકેટ બેંક અને યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડીયા સહિત ૭ બેંકો બંધ થશે અને પંજાબ નેશનલ બેંક, યુનિયન બેંક, કેનેરા બેંક અને ઈન્ડીયન બેંકમાં સમાવિષ્ટ થશે. સરકારના નિર્ણયને કારણે જે બેંકોને અન્ય બેંકોમાં સમાવિષ્ટ કરવામાં આવશે તેને કારણે બેંકોની શાખાઓ સમયાંતરે બંધ થશે. સામાન્ય જનસમુદાયને બેંકીંગ સેવાથી વંચિત રહેવું પડશે.

એકીકરણથી બેંકોની શાખાઓ બંધ થયેલ છે તે એસબીઆઈમાં ૭ બેંકોનો સમાવેશ કરવામાં આવેલ તેને કારણે સરકારના કથન મુજબ ૬૯૫૦ શાખાઓ બંધ થયેલ છે. બેંક ઓફ બરોડામાં દેના અને વિજયા બેંકના સમાવેશ થવાને કારણે લગભગ ૧૬૫૦ શાખાઓ બંધ થશે. માર્ચ-૨૦૨૦ સુધીમાં ૫૩૦ શાખાઓ બંધ થશે તેવું જાહેર કરેલ છે. બેંકોમાં દર વર્ષે લગભગ એક લાખ નવયુવાનોને નોકરી આપવામાં આવતી હતી. બેંકોની સંખ્યા અને શાખાઓ બંધ થવાને કારણે નવી રોજગારીની તકો ઉભી નહીં થાય.

તસવીરઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# રાજપીપળા નગરપાલિકાના ભાજપાના ચૂંટાયેલા ૧૬ સદસ્યો સહપરિવાર ખાનગી લકઝરી બસ મારફતે દીવના પ્રવાસે



રાજપીપળા, તા૧૫

રાજપીપળાપાલિકાની ચુંટણીમાં ૨૮ સદસ્યો પૈકી ભાજપના ૧૬સભ્યો ચુટાયા છે. આમતો સત્તા ગ્રહણ કરવા માટે ભાજપા પાસે સ્પષ્ટ બહુમતી છે. એટલે કે બહુમતી માટે ના માત્ર બે સભ્યો વધારે છે. જો એમાથી બે સદસ્યો ગબડી જાય તો ભાજપા લઘુમતી મા આવી જાય .અને હાથમા આવેલો સત્તાનો કોળિયો ગુમાવવાનો વારો આવે. સામે પક્ષે કોંગ્રેસ ના ૬અને અપક્ષ ના ૬ મળી વિરોધ પક્ષ પાસે ૧૨ સદસ્યો છે.તેમને સત્તા મેળવવા માટે કૂલ૧૫ એટલે કે માત્ર ૩ જ સભ્યો ખૂટે છે. એટલે સત્તા ની સાઠમારી માટે ગમે ત્યારે ગમે તે તોડ જોડ થઈ શકે. ભાજપા ને આ વાતનો અંદરખાનેથી ડર છે. તેથી ભાજપા કોઈ રિસ્ક લેવાં માંગતું નથી. તેથી જાણવા મળેલી માહિતી અનુસાર આગામી ૧૭ માર્ચ પાલિકા હોદ્દેદારોની ચુંટણી થનાર છે. ત્યારેકોઈ ગરબડ ના થાય કે ભાજપ નો એક પણ સદસ્ય આઘો પાછો ના થાય તે માટે બળવો ના થાય તે માટે ભાજપના તમામ સદસ્યો મોડીરાતે જ રાજપીપળા અને નર્મદા જિલ્લાની બહાર દીવ ખાતેલઈ જવામાં આવ્યા છે.

એકખાનગી લકઝરી બસ મારફતે સપરિવાર આ સદસ્યો હાલ તો દીવ ઉપડી ગયા છે તેમનુ ગણિત એવું છે કે આતમામ સદસ્યો ૧૭ તારીખે જ મતદાન સમયે રાજપીપળા આવશે. હાલ તો દીવ મા પ્રવાસ ની મઝા માણી રહ્યા છે આ સદસ્યો દીવ, સોમનાથ ને સાસણ ગીર ફરીને રાજપીપળા પાછા આવશે ત્યારે ૧૭મી રાજપીપળા. નગરપાલિકા નુ ચિત્ર સ્પષ્ટ થશે. રાજકરણ મા સત્તા ને ટકાવવા કેવા કેવા ખેલ ખેલવા પડે છે તે સત્તા નુ રાજકારણ તે આનુ નામ!

તસવીરઃ જ્યોતિ જગતાપ,રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.